Thursday 02, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૪૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# વલસાડ જિલ્લા-સંઘપ્રદેશમાં ચોમાસું જામ્યું

## છેલ્લા ૨૪ કલાકમાં વલસાડ ચાર ઇંચ ધરમપુર બે ઇંચ ઉમરગામ ચાર ઇંચ અને વાપીમાં છ ઇંચ જેટલો વરસાદ : વલસાડ-વાપીમાં તંત્રની નબળી પ્રિ-મોન્સુન કામગીરી અને દાવાઓની પોલ ખુલી ગઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** લાંબા સમય બાદ વલસાડ જિલ્લામાં ગઈકાલે રાત્રે ઉમરગામ, વાપી અને વલસાડમાં ધોધમાર વરસાદ પડતા ઉમરગામ, વાપી, ધરમપુર અને વલસાડના નિચાણવાળા વિસ્તારમાં જળબંબાકાર બની જતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી જોકે વલસાડ અને વાપીમાં નગરપાલિકા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી પ્રમોશન કામગીરી પ્રથમ વરસાદે જ પોલ ખોલી કાઢી છે. વલસાડ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં વલસાડ ચાર ઇંચ ધરમપુર બે ઇંચ ઉમરગામ ચાર ઇંચ અને વાપીમાં છ ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. લાંબા સમય બાદ વલસાડ જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદ પડતા ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળ્યો છે. વલસાડ જિલ્લામાં ગઈકાલે રાત્રે મેઘરાજા મન મૂકીને ફરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જિલ્લાના ઉમરગામ વાપી , વલસાડ અને ધરમપુરમાં ધોધમાર વરસાદ પડતા નિચાણવાળા વિસ્તારમાં જળબંબાકાર બની ગયો હતો. વલસાડ માં વહેલી સવારથી જ મેઘરાજા મન મૂકીને વર્ષે પડતા માત્ર બે કલાકમાં ચાર ઇંચ જેટલો વરસાદ પડતા શહેરના શાકભાજી માર્કેટ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં અને વલસાડના ચીકવાડ અને મોગરાવાડી રેલવે ગરનાળામાં પાણીનો ભરાવો થતા વાહનોની અવર-જવર બંધ પડી હતી. તો કેટલાક વાહનો પાણીમાં બંધ થઈ જતા ધક્કો મારી બહાર કાઢવાની ફરજ પડી હતી. વલસાડ નગરપાલિકા દ્વારા પ્રિમોન્સૂન કામગીરી માં વેઠ ઉતારાતા શહેરી વિસ્તારની તમામ ગટરો ઉભરાઈ અને દુકાનોમાં પાણીનો ભરાવો થયો હતો.

વલસાડ જિલ્લા કંટ્રોલરૂમ તરફથી સાંજે ૬ કલાકે પ્રાપ્ત થતાં છેલ્લા ૧ કલાકના વરસાદના આંકડા મુજબ વલસાડ તાલુકામાં ૪૭ મી.મી., પારડીમાં ૮૧ મીમી, કપરાડામાં ૬ મીમી અને નાનાપોંઢામાં ૯ મીમી વરસાદ નોંધાયો છે. સૌથી વધારે વાપી તાલુકામાં ૧૬૮ મી.મી. જયારે ઉમરગામ તાલુકામાં ૧૪૮ મીમી વરસાદ નોંધાયો છે. આજનો જિલ્લાનો કુલ વરસાદ ૬૩.૧૪ મી.મી. જયારે સિઝનનો કુલ વરસાદ ૧૮૩.૧૪ મીમી. નોંધનયો છે.





## દમણમાં મુશળધાર વરસાદથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું, ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા : દાનહમાં ખેડૂતોની ખરીફ વાવણી પાછળ ધકેલાઈ : તંત્રે ફલડ કંટ્રોલરૂમ શરુ કયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, સેલવાસ, તા. ૦૧ :** સંઘપ્રદેશ દમણ તથા દાદરા અને નગર હવેલીમાં પણ ચોમાસુ જામવા માંડયું છે. સંઘપ્રદેશ દમણમાં બુધવાર સવારથી સાંજ સુધી ચાલુ રહેલા વરસાદથી કેન્દ્રશાસિત -દેશ દમણમાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સાંજે ૫ વાગ્યા સુધીમાં અંદાજે ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો, અને મોડી રાત સુધી થોડે દૂર વરસાદ ચાલુ રહેવાની ધારણા છે. સતત ધોધમાર વરસાદથી શહેરના માછીવાડ જેવા ઘણા ભાગોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે લોકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. માહિતી મળતાં, મ્યુનિસિપલ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પંપની મદદથી એકઠા થયેલા પાણીનો નિકાલ શરૂ કર્યો હતો. જયારે દાદરા નગર હવેલીથી પ્રાપ્ત માહિતી પ્રમાણે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના વિલંબથી ખરીફ સીઝનની શરૂઆત પાછળ ધકેલાઈ છે. સામાન્ય રીતે જૂનના બીજા પખવાડિયામાં શરૂ થતી ખેતરની ખેડાણની કામગીરી આ વર્ષે જુલાઈના પ્રથમ દિવસે શરૂ થઈ છે. પૂરતો વરસાદ ન મળતાં ખેડૂતોને ખેતરની તૈયારી અને વાવણી મુલતવી રાખવી પડી છે, જેના કારણે સમગ્ર કૃષિ ચક્ર પર અસર થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ખેડૂતોનું માનવું છે કે આગામી દિવસોમાં સતત સારો વરસાદ નહીં પડે તો ઉત્પાદન પર પણ અસર થઈ શકે છે. બીજી તરફ, સંઘપ્રદેશમાં ચોમાસું સક્રિય થયા બાદ ભારે વરસાદ અને સંભવિત પૂર જેવી સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (DDMA)એ જાહેર એડવાઈઝરી બહાર પાડી છે. જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC) અને ફલડ કન્ટ્રોલ રૂમને ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવ્યા છે, જ્યાં વરસાદ, હવામાન વિભાગની આગાહીઓ અને મધુબન ડેમમાંથી છોડાતા પાણી પર સતત નજર રાખવામાં આવશે.

કોઈપણ આપત્તિની સ્થિતિમાં નાગરિકો ટોલ-ફ્રી નંબર ૧૦૭૭ પર ફલડ કન્ટ્રોલ રૂમનો નંબર જાહેર કરાયો છે.

# વાપી મનપામાં છેલ્લા બે દિવસમાં જ રૂા. ૩.૮૨ કરોડનો વેરો જમા થયો



## વાપીમાં એક માસમાં રૂા. ૧૯.૮૮ કરોડનો વેરો ભરાયો જે ગત વર્ષ કરતા રૂ.૩.૫૫ કરોડ વધુ છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપી મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમલી બનાવવામાં આવેલી જુન માસની પ્રોપર્ટી ટેક્ષ રીબેટ યોજનાને આ વર્ષે કરદાતાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. યોજનાના અંતિમ બે દિવસમાં જ મિલકત ધારકોએ ભારે ઉત્સાહ બતાવીને રૂ.૩.૮૨ કરોડનો વેરો જમા કરાવ્યો હતો. આ વર્ષે વેરામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને નિયમિત ૫ ટકા ઉપરાંત કરદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે વેબસાઈટથી ઓનલાઈન વધુ ૧ ટકા રીબેટ આપવામાં આવ્યું હોવાથી ગત વર્ષ કરતા રૂ.૩.૫૫ કરોડનો વેરો વધુ ભરાયો છે. વધુ લોકો આ યોજનાનો લાભ લે એ માટે ઘરવેરા વિભાગ દ્વારા વિવિધ માધ્યમોથી સતત પ્રચાર પ્રસાર અને સંપર્ક અભિયાન કરવામાં આવ્યું હતું. તથા જાહેર રજાના દિવસોમાં પણ વેરો સ્વીકાર્યો હતો. જુન માસમાં ૪૮૫૪૮ મિલકત ધારકોએ રૂ.૧૯.૮૮ કરોડનો વેરો ભરીને રૂ.૯૫.૪૧ લાખનું રીબેટ મેળવ્યું હતું. જેમાં ઓનલાઈન વેરો રૂ.૯.૮૦ કરોડ જમા થયો હતો. ગત વર્ષે ૩૬૦૩૦ લોકોએ રૂ.૧૬.૩૩ કરોડનો વેરો ભરી રૂ.૬૬.૬૩ લાખનું રીબેટ મેળવ્યું હતું. મૂળ વાપી નગરપાલિકા વિસ્તાર સાથે સમાવિષ્ટ ૧૧ ગામ વિસ્તારના મિલકત ધારકોએ પણ વધુ ઉત્સાહ બતાવ્યો હતો અને ૧૨૯૮૭ મિલકત ધારકોએ રૂ.૪.૫૯ કરોડનો વેરો જમા કરાવી વિકાસ કાર્યોમાં ભાગીદારી નોંધાવી છે. ગત વર્ષે ૧૧ ગામ વિસ્તારમાંથી રૂ.૧.૮૧ કરોડ જમા થયો હતો. જુન માસમાં વેરો ભરવામાં બલીઠા અને છરવાડા વિસ્તારના મિલકત ધારકો અગ્રેસર રહ્યા હતા. ડિજિટલ ટ્રાન્ઝક્શનને પ્રોત્સાહન આપવા માટે ઓનલાઈન ૧઼ રીબેટ જુલાઈ-૨૬ થી માર્ચ-૨૭ સુધી ચાલુ રહેવાનું હોવાથી બાકી મિલકતધારકોને એનો લાભ લેવા ઘરવેરા વિભાગની યાદીમાં જણાવાયું છે.

# દમણથી અષાઢી બીજે પહેલી ફલાઈટની શકયતા

## નમો એરપોર્ટથી દિલ્હી માટે ૧૬ જુલાઈથી વિમાનસેવા શરૂ થવાની ધારણા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણ માટે બહુપ્રતિક્ષિત હવાઈ સેવા ટૂંક સમયમાં શરૂ થવાની ધારણા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દમણના નમો એરપોર્ટથી દિલ્હીની ફ્લાઇટ્સ ૧૬ જુલાઈથી શરૂ થવાની ધારણા છે. જો બધી ઔપચારિકતાઓ સમયસર પૂર્ણ થાય, તો રથયાત્રાના શુભ અવસર પર પ્રથમ ફલાઈટ દિલ્હી માટે રવાના થશે.

દમણના મારવાડ વિસ્તારમાં આવેલા અત્યાધુનિક એરપોર્ટ ટર્મિનલનું તાજેતરમાં નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારથી, સ્થાનિક નાગરિકો, ઉદ્યોગો અને પ્રવાસીઓમાં હવાઈ સેવાઓ ફરી શરૂ થવા અંગે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ફલાઇટ માટે ટિકિટ બુકિંગ આગામી એક કે બે દિવસમાં શરૂ થવાની ધારણા છે. શરૂઆતમાં, એલાયન્સ એરની ફલાઇટ્સ સોમવાર અને બુધવારે ઉપલબ્ધ થવાની ધારણા છે. મુસાફરોની સંખ્યા અને માંગના આધારે, ભવિષ્યમાં ફ્લાઇટ્સની સંખ્યામાં વધારો થઈ શકે છે.

મળતી માહિતી મુજબ, કેન્દ્ર સરકારની ઉડાન યોજના હેઠળ, ભવિષ્યમાં દમણથી અમદાવાદ અને ગોવા સુધીની હવાઈ સેવાઓ પણ શરૂ થવાની શક્યતા છે, જે આ પ્રદેશની પર્યટન અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓને નવી ગતિ આપશે.

ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે દમણ એરપોર્ટનો કોડ દમણ NMB છે. જોકે, એરલાઈન્સ તરફથી ફલાઇટ શેડ્યૂલ અને કામગીરી અંગે સત્તાવાર જાહેરાતોની રાહ જોવાઈ રહી છે.

# રોલા હાઈવે પર કન્ટેનરમાં ભીષણ આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડના રોલા નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી પસાર થઈ રહેલા એક કન્ટેનરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં હાઈવે પર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગ ની ઘટનાને પગલે હાઈવે પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. વલસાડના રોલા નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી પસાર થઈ રહેલા એક કન્ટેનરમાં અચાનક કોઈ કારણસર આગ લાગી હતી. જોતજોતામાં આ આગે વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું. કન્ટેનરમાંથી ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. આગની તીવ્રતાને જોતા હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો અને સાવચેતીના ભાગરૂપે હાઈવે બંધ કરાતા ટ્રાફિક જામ થઈ ગયો હતો..ઘટનાની જાણ સ્થાનિક લોકો અને હાઈવે ઓથોરિટી દ્વારા તાત્કાલિક ફાયર વિભાગને કરવામાં આવી હતી. અકસ્માતની ગંભીરતાને જોતા ફાયર વિભાગની ૩ જેટલી ટીમો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી હતી. કન્ટેનરમાં આગ કયા કારણોસર લાગી તે હજી સુધી જાણી શકાયું નથી. આગ અંગે પોલીસ અને સંબંધિત વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે.

# રાજપુરીજંગલના ગોમટીપાડાના બિસ્માર રસ્તા અંગે રાવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** ધરમપુર તાલુકાના રાજપુરી જંગલ ગામના ગોમટીપાડા ફળીયામાં મુખ્ય રસ્તાથી ખોરી ફળીયા તરફ જતા અંદાજે ૨ કિલોમીટર લાંબા માર્ગમાંથી આશરે ૨૦૦ મીટરનો રસ્તો અત્યંત બિસ્માર બની જતાં ગ્રામજનોએ પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી તાત્કાલિક રસ્તાનું નિર્માણ કરવાની માંગ કરી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ રસ્તા પર દોઢથી બે ફૂટ જેટલા ઊંડા ખાડા પડી ગયા છે. ચોમાસામાં આ ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જતાં અકસ્માતનો ભય વધ્યો છે. ખાસ કરીને ગોમટીપાડા ફળીયામાં આવેલી આંગણવાડીના ૪૦ બાળકો તથા પ્રાથમિક શાળાના ધોરણ ૧થી ૫માં અભ્યાસ કરતા ૬૫ વિદ્યાર્થીઓ દરરોજ જીવના જોખમે આ રસ્તેથી અવરજવર કરવા મજબૂર બન્યા છે.

ગ્રામજનોએ વધુમાં જણાવ્યું હતું કે આ સમસ્યા અંગે અનેક વખત ગામના સરપંચ સહિત સ્થાનિક જનપ્રતિનિધિઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી નથી. જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ આ રસ્તાનો આશરે ૨૦૦ મીટરનો ભાગ છેલ્લા ઘણા વર્ષોથી અત્યંત જર્જરિત હાલતમાં છે. ફળીયાના અંદાજે ૧૪૫ પરિવારો અને ૩૫૦ જેટલા ગ્રામજનો રોજિંદી અવરજવર માટે આ રસ્તાનો ઉપયોગ કરે છે.

બિસ્માર રસ્તાને કારણે ખેતીના કામકાજમાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉપરાંત, રસ્તાની ખરાબ હાલતને કારણે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ મુખ્ય રસ્તાથી અંદાજે ૨૫૦ મીટર સુધી જ પહોંચી શકે છે, જેના કારણે તાત્કાલિક સારવારની જરૂરિયાત સમયે દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે.ગ્રામજનોએ પ્રાંત અધિકારીને રજૂઆત કરી બાળકોની સુરક્ષા, ગ્રામજનોની અવરજવર તથા તાત્કાલિક આરોગ્ય સેવાઓને ધ્યાનમાં રાખી બિસ્માર રસ્તાનું સમારકામ કે નવીનીકરણ કરાવવા કરવાની માંગ કરી છે.

# અંબિકાના દેવધા ડેમનાં તમામ ૪૦ દરવાજા ખોલાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૧ :** બીલીમોરા અંબિકા નદી ઉપર દેવધા ડેમ કેચમેન્ટ વિસ્તારમાં ચોમાસાના પ્રારંભ સાથે વરસાદ વરસતા નવા નીર આવવા શરૂ થયા હતા. પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીના પૂર ફરી વળવાની સંભાવના ઉભી થઈ હતી. જેને પગલે બુધવાર દિવસ દરમ્યાન તમામ ૪૦ દરવાજા ખોલી દેવાયા હતા. જેને કારણે ફરી અંદાજીત ૧૩,૭૦૦ ક્યુસેક જેટલું શુદ્ધ જળ દરીયામાં છોડી દેવાયું છે. પરીણામ એ હેઠવાસ નાં ૭ ગામ દેવધા, તોરણગામ, ધમડાછા, વલોટી, ભાઠા, અજરાઈ અને દેવસર ને એલર્ટ કરાયા હતા.

ગણદેવી તાલુકાના દેવધા ગામે અંબિકા નદી ઉપર વર્ષ ૨૦૦૨ માં રૂ. ૧૯ કરોડના ખર્ચે દેવધા દેવ સરોવર પરિયોજના સાકાર થઈ હતી. ૫ મીટર પહોળા અને ૫૦૦ મીટર લાંબા ડેમમાં એક એક મીટરની ઉંચાઈ ધરાવતા ઉપર-નીચે ૨૦-૨૦ મળી કુલ ૪૦ દરવાજા ફીટ કરાયા હતા. જેને કારણે ડેમની અપ સ્ટ્રિમ (ઉપરવાસ) કેચમેન્ટ વિસ્તારમાં ૨૨ કીમી જેટલા વિસ્તારમાં ૬.૪૫ મિલીયન ક્યુબીક મીટર જેટલો વિશાળ શુદ્ધ જળભંડાર સંગ્રહિત થાય છે. જે ૨૯ જેટલા ગામો ની પાણી જરૂરિયાત પૂરી કરે છે. ડેમના કેચમેન્ટ વિસ્તારમાં વહેતી વેંગણિયા અને પનિહારી નદી પણ ડેમને કારણે છલોછલ રહે છે. પ્રતિવર્ષ ચોમાસા ઋતુના આગમન ટાણે આગોતરા આયોજન થકી પૂરની સ્થિતિ ટાળવા ડેમના તમામ ૪૦ દરવાજા ખોલી દેવામાં આવતા હોય છે.


તમામ દરવાજા ખોલી દેવાયા બાદ પણ ડેમ માં ૧.૭૫ એમસીએમ જેટલો શુદ્ધ પાણી નો જથ્થો સંગ્રહિત રહે છે.ડેમ ના દરવાજા ખોલાતા માછીમારો ને તડાકો પડ્યો હતો. ગણદેવી ડ્રેનેજ પેટા વિભાગ ના અધિકારી પ્રિયાંક પટેલ અને એમની ટીમ સહિત દેવધા ના અજય પટેલ ઉપસ્થિત રહયા હતા.

## ભારેથી મધ્યમ વરસાદની આગાહી


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં વલસાડ અને દમણમાં ભારે વરસાદ તથા દાનહ, નવસારી અને ડાંગ જીલ્લામાં મધ્યમ વરસાદની આગાહીને ધ્યાનમાં રાખી તમામ સંબંધિત વિભાગોને જરૂરી તકેદારીના પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.તમામ મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, નગરપાલિકા, ગ્રામ પંચાયતો, વન વિભાગ, અગ્નિશામક સેવા, WASMO સહિતના સંબંધિત વિભાગોને સતત સતર્ક રહી સંભવિત આપત્તિની સ્થિતિમાં તાત્કાલિક કામગીરી કરવા સૂચના આપી છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## 'ઈન્ડિયન ગ્રીન સ્કૂલ બિલ્ડિંગ કોમ્પિટિશન'માં વાંસદાની રંગપુર પ્રા. શાળાએ સમગ્ર દેશમાં ૮મો ક્રમાંક મેળવ્યો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૧ :** ભારતીય ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત "Indian Green School Building Competition"માં વાંસદા તાલુકાની રંગપુર પ્રાથમિક શાળાએ સમગ્ર દેશમાં ૮મો ક્રમાંક પ્રાપ્ત કરી અપ્રતિમ સિદ્ધિ મેળવી છે. દેશભરની શાળાઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા બચત, પાણીનું કાર્યક્ષમ સંચાલન, કચરા વ્યવસ્થાપન અને હરિયાળી કેમ્પસના વિકાસ જેવા વિવિધ જટિલ માપદંડોના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શાળામાં પર્યાવરણમિત્ર પ્રવૃત્તિઓના અસરકારક અમલીકરણ અને ટકાઉ જીવનશૈલીના મૂલ્યોના આધારે રાષ્ટ્રીય સ્તરે મેળવેલી ઉપલબ્ધિથી સમગ્ર જિલ્લા અને રાજ્યનું નામ ગૌરવાન્વિત થયું છે.

શાળાની આ નોંધપાત્ર અને ઐતિહાસિક સિદ્ધિ પાછળ શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તથા ગ્રામજનોના સંયુક્ત પ્રયાસો અને અવિરત સહયોગનો મહત્વનો ફાળો રહ્યો છે.

રાષ્ટ્રીય સફળતાને પગલે સમગ્ર પંથકમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે. શાળા પરિવારે આ યાત્રામાં સહભાગી બનેલા તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીને ભવિષ્યમાં પણ પ્રકૃતિ સંવર્ધનની પ્રવૃત્તિઓને વધુ વેગ આપવાનો સંકલ્પ કર્યો છે. રંગપુર પ્રાથમિક શાળાની આ પ્રેરણાદાયી સિદ્ધિ રાજ્યની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે પણ પર્યાવરણ ક્ષેત્રે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડશે.

## ગણદેવી તાલુકા સિનિયર સિટીઝન વેલફેર ટ્રસ્ટનો રજત જયંતિ મહોત્સવ ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૧ :** ગણદેવી તાલુકા સિનિયર સિટીઝન વેલફેર ટ્રસ્ટની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થતાં ધમડાછા સ્થિત સી.કે. પાર્ટી પ્લોટ ખાતે રજત જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બીલીમોરાના અગ્રણી ઉદ્યોગપતિ જસ્મીનભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જય જલારામ મંદિર ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ પટેલ અને નવસારી રોટરી આઈ ઈન્સ્ટિટ્યૂટના માનદ મંત્રી યોગેશભાઈ નાયક વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ટ્રસ્ટના ખાસ સ્મૃતિઅંક 'વયસ્ક વૈભવ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. વરસાદી માહોલ વચ્ચે પણ મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો અને આમંત્રિતોએ હાજરી આપી ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ટ્રસ્ટના પ્રમુખ ઠાકોરભાઈ દેસાઈએ સંસ્થાની ૨૫ વર્ષની ગૌરવપૂર્ણ સેવાયાત્રાની રૂપરેખા આપી હતી, જ્યારે મંત્રી જીતેન્દ્ર મહેતાએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. સ્મૃતિઅંકના સંપાદક અને નિવૃત્ત આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે અંકની વિશેષતાઓ વિશે માહિતી આપી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. ઉપસ્થિત અતિથિઓએ ટ્રસ્ટની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી, જ્યારે દાતાઓએ ઉદાર હાથે દાનની જાહેરાતો કરી હતી. આ પ્રસંગે પ્રમુખ ઠાકોરભાઈની નેતૃત્વ શક્તિને બિરદાવી સ્મૃતિભેટ અપાઈ હતી અને અંતમાં ટ્રસ્ટી જયંતીલાલ મિસ્ત્રીએ આભારવિધિ આટોપી હતી.

## ડાંગની શાળાઓમાં 'બાળ સુરક્ષા અને અધિકારો' અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૧ :** બાળકોના સુરક્ષિત ભવિષ્ય, અધિકારો અને રક્ષણ અંગે જાગૃતિ લાવવાના હેતુથી ડાંગ જિલ્લામાં ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ ટીમ દ્વારા વિવિધ શાળાઓ અને સમુદાય વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમો અંતર્ગત બાળકો તથા વાલીઓને બાળ સુરક્ષા, બાળકોના અધિકારો તેમજ મુશ્કેલીના સમયમાં ઉપલબ્ધ સહાય અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ અંગેના વિવિધ કાર્યક્રમો દરમિયાન સમજાવવામાં આવ્યું કે, ચાઇલ્ડ હેલ્પલાઇન - ૧૦૯૮ એ ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકો માટે ૨૪x૭ કલાક કાર્યરત ટોલ ફ્રી સેવા છે, જે મુશ્કેલીમાં મુકાયેલા, સંરક્ષણની જરૂરિયાત ધરાવતા તેમજ જોખમમાં રહેલા બાળકોને તાત્કાલિક મદદ, સુરક્ષા અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે. બાળકોને તેમના અધિકારો અને સુરક્ષા અંગે ગુડ ટચ - બેડ ટચ અંગે જાગૃતિ, પોક્સો અધિનિયમ - ૨૦૧૨ અંગે સમજણ, બાળ મજૂરી નિવારણ અંગે માર્ગદર્શન, બાળ લગ્ન પ્રતિબંધ કાયદા અંગે માહિતી, બાળ ભિક્ષાવૃત્તિ રોકવા અંગે જાગૃતિ તેમજ ગુમ થયેલા બાળકોની સુરક્ષા અને પુનઃસ્થાપન અંગે માહિતી આપવામાં આવી હતી.

ડાંગ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ ટીમ દ્વારા સતત જાગૃતિ કાર્યક્રમો યોજી બાળકોને સુરક્ષિત વાતાવરણ મળે, તેમના અધિકારોનું રક્ષણ થાય અને જરૂરિયાતમંદ બાળકો સુધી સમયસર મદદ પહોંચે તે માટે સંવેદનશીલ કામગીરી કરવામાં આવી રહી છે. સુરક્ષિત બાળપણ - ઉજ્જવળ ભવિષ્યના સંદેશ સાથે ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ બાળકોના હિત અને સુરક્ષા માટે સતત કાર્યરત છે.






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) બીલીમોરા બસ સ્ટેશન ખાતે એલાઇટ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું નથી. પરિણામે વરસાદી મોસમમાં બસ દૂર ઊભી રાખતા મુસાફરોએ બસ સ્ટેન્ડમાં પ્રવેશવા ઉતરી દોડ લગાવી ભીંજાવું પડે છે જેથી બસ સ્ટેન્ડને લાગુ ઓછામાં ઓછી બે બસને છત બનાવી આવરી લે તેવું છાપરું બનાવવું જરૂરી છે, જેથી મુસાફરો બસમાંથી ઉતરીને તરત ભીંજાઈ નહીં અને બસ સ્ટેન્ડમાં સલામત પહોંચી શકે બસ ચાલકોને પણ સૂચના આપવી કે બસ પ્રવેશે પછી મકાનને લાગુ જગ્યામાં બસ થોભાવવી, નહીં કે દૂર.

## આહવા શિવઘાટ નજીક આહવા-વલસાડ એસટી બસ રસ્તા નીચે ઉતરી ગઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૧ :** ડાંગ જિલ્લામાં એક મોટી હોનારત ટળી હતી.આહવા-વઘઈ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા શિવઘાટ નજીક સવારે આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ની આહવા-વલસાડ રૂટની બસ (નંબર GJ-18-Z-9080)જે અચાનક રસ્તાની સાઇડમાં ઉતરી ગઈ હતી.બસ રોડ પરથી નીચે ઉતરી જતાની સાથે જ તેમા સવાર મુસાફરોમાં ભારે ગભરાટ અને ચીસાચીસ સાથે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.જોકે, સદનસીબે બસ પલટી ખાતા ખાતા બચી ગઈ હતી, જેના કારણે કોઈ મોટી જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નહોતી અને બસમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો.

## સાપુતારામાં વરસાદથી ગાઢ ધુમ્મસ સાથે પ્રકૃતિ સોળે કળાએ ખીલી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૧ :** ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસનાં વિરામ બાદ ફરી એકવાર મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો છે.ડાંગ જિલ્લાના સુપ્રસિદ્ધ હિલ સ્ટેશન સાપુતારા સહીત તળેટી વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો,જેને પગલે સમગ્ર વિસ્તારનું વાતાવરણ અત્યંત આહલાદક બની ગયુ હતુ.વરસાદની સાથે સાથે સાપુતારામાં ગાઢ ધુમ્મસની ચાદર ઓઢાઈ ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા,જેના કારણે પ્રવાસીઓ અને સ્થાનિક લોકો પ્રકૃતિના અદભુત સાનિધ્યનો અહેસાસ કરી રહ્યા છે. સાપુતારા ઘાટ માર્ગમાં સમયાંતરે ગાઢ ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા વાહન ચાલકોને સિગ્નલ અને હેડલાઈટ ચાલુ રાખી વાહનો હંકારવાની નોબત ઉઠી હતી. સાપુતારા ઉપરાંત આહવા, વઘઈ અને સુબિર સહિતના પંથકોમાં પણ ક્યાંક ધીમી ધારે તો ક્યાંક મધ્યમ તો ક્યાંક ધોધમાર વરસાદ નોંધાયો હતો. આ આકસ્મિક અને ધબધબાટીભર્યા વરસાદને કારણે ડાંગના ગ્રામીણ વિસ્તારોના મુખ્ય માર્ગો પર પાણીની રેલમછેલ ફરી વળી હતી. વરસાદનું જોર એટલું સારું હતું કે સ્થાનિક કોતરો અને ખેતરોના ક્યારાઓ પાણીથી છલોછલ ભરાઈ ગયા હતા. લાંબા સમયથી વરસાદની કાગડોળે રાહ જોઈ રહેલા ડાંગના ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થયો છે.

ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ બરાબરનો જામતા સુકાઈ રહેલા ડાંગરના ધરુને નવું જીવનદાન મળ્યું છે, જેને પગલે ધરતીપુત્રોના ચહેરા પર ખુશીની લહેરો દોડી ગઈ છે અને તેઓ ખેતીકામમાં જોતરાઈ ગયા છે.ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર આજરોજ સુબિર પંથકમાં ૧૧ મિમી, આહવા પંથકમાં ૧૪ મિમી, સાપુતારા પંથકમાં ૧૯ મિમી,જ્યારે વઘઈ પંથકમાં ૪૧ મિમી અર્થાત ૧.૬૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

## બીલીમોરા બસ સ્ટેશનના પાંચ કર્મીઓનો વિદાય સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૧ :** તા. ૩૦-૬-૨૬ ના દિને બીલીમોરા બસ સ્ટેશનના પાંચ કર્મી ને નિવૃત્તિ વિદાય આપવામાં આવી હતી, જેમાં એટીઆઈ ત્રાજિયા સાથે નિવૃત્ત રાજુભાઇ- દીલીપ ભાઈ કંડકટર; દશરથભાઇ- ધીરુભાઈ,.ડાઇવર; નવીનભાઇ- મિકેનીક અવ્વલ કેન્દ્ર બસ વ્યવસ્થાપક સુનિતાબેન તાવીયાડ સાથે શુભકામનાઓ સાથે વિદાય લઈ રહ્યા છે. વિદાય સમારંભમાં મોટી સંખ્યામાં સગા વહાલા કુટુંબીજનો અને સંગઠનના નેતાઓ હાજર રહ્યા હતા. સૌએ સમૂહ પ્રીતિ ભોજન લીધું હતું.

## ગણદેવી સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા દ્વારા સફળ પિકનિક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૧ :** અમેરિકામાં વસતા ભારતીય સમાજ માટે સમાજસેવાનું એક ઉત્તમ ઉદાહરણ બનીને ઊભર્યું ગણદેવી સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા (GSS of NA) નું વાર્ષિક પિકનિક આયોજન, જેમાં સમાજના અનેક પ્રતિષ્ઠિત લોકો હાજર રહ્યા અને સેવા કાર્યો માટે સહયોગ આપ્યો.આ સંસ્થા માત્ર ગણદેવી તાલુકા, નવસારી સુધી મર્યાદિત નથી, પરંતુ આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો તેમજ વિદ્યાર્થીઓ માટે પણ સતત સેવાકાર્ય કરી રહી છે.

ગણદેવી સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા અને GTS૯ ઓફ ગણદેવી મળીને અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ ચલાવી રહ્યા છે. જેમાં નિયમિત આંખના કેમ્પ, જરૂરિયાતમંદોને કૃત્રિમ હાથ-પગ (Artificial Limbs) આપવાની સેવા અને એવી ડિસ્પેન્સરીનો સમાવેશ થાય છે જ્યાં માત્ર ?૨૦ માં તપાસ તથા થોડા દિવસોની દવાઓ આપવામાં આવે છે.પિકનિક દરમિયાન સૌએ Bombay Express ના સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો. જ્યારે શીલા અને બિમલ સિંહાના મધુર સંગીતે કાર્યક્રમને વધુ રંગીન બનાવ્યો. મનોરંજન માટે બિંગો ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું.

આ સફળ આયોજનમાં વિજય ચોકસીના નેતૃત્વ અને નયના સેઠનાની ટીમવર્ક ક્ષમતાની વિશેષ પ્રશંસા થઈ. તેમના સમર્પણ અને આયોજન કુશળતાએ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવી દીધો.કાર્યક્રમમાં Dr. Mohan Patel, Narendra Parikh, Suresh Desai, Dr. Jivan Patel, Dr. Ramesh Jhaveri, Gemini Bhagat, Mahesh Dugal અને Gatubhai Mistry સહિત અનેક ગણમાન્ય વ્યક્તિઓ હાજર રહ્યા. આ દરમિયાન ગટુભાઈ મિસ્ત્રીએ નવી Medicare અને Medicaid નીતિઓ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી અને સૌને જાગૃત કર્યા.

## ડાંગ જિલ્લા માહિતી કચેરીના ઝીણીયાભાઇ ગામીતનો વિદાય સમારંભ યોજાયો



**આહવા, તા. ૦૧ :** ડાંગ જિલ્લા માહિતી કચેરી, આહવા ખાતે સેવક તરીકે ફરજ બજાવતા કર્મયોગી ઝીણીયાભાઈ ગામીત તારીખ ૩૦-૬-૨૦૨૬ ના રોજ વયનિવૃત થતા ડાંગ માહિતી પરિવાર દ્વારા ભાવભીનું વિદાયમાન આપવામાં આવ્યું હતું.

ઝીણાભાઇ ગામીતે ૩૬ વર્ષથી વધુની ફરજ સુપેરે બજાવી છે. તેમણે તેમની સેવાની શરૂઆત સોનગઢથી કરી હતી. ત્યાર બાદ દાહોદ, આમોદ અને ડાંગ જિલ્લામાં ફરજ બજાવી હતી. છેલ્લા ૨૭ વર્ષથી તેઓએ ડાંગ જિલ્લા માહિતી કચેરી ખાતે પોતાની સેવા આપી છે.આ તકે ઇન્ચાર્જ સહાયક માહિતી નિયામક મનોજ ખેંગાર સહિત સૌ કર્મયોગીઓએ ગામીતને નિવૃત્તિની શુભકામના પાઠવી તેમનું જીવન સ્વસ્થ નિરોગી રહે એવી શુભકામના પાઠવી હતી.

ઉપસ્થિત કર્મચારીઓ દ્વારા ગામીતને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતા. ગામીતે તેમની સેવાકાળની ફરજ પ્રત્યેની કાર્યનિષ્ઠા સાથે જુના સંસ્મરણો વાગોળી ફરજ અંગે સંતોષની લાગણી વ્યકત કરી હતી. ઝીણીયાભાઇ ગામીતે સૌ કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, માહિતી કચેરીમાં કામ કરવાનો અનૂભવ ખૂબ જ સારો રહ્યો છે. સૌએ પરિવાર જેવી ભાવના રાખી છે. નોકરી દરમિયાન દરેક લોકો સાથે સુમેળભર્યા સંબધો જાળવી રાખવા તેમજ દરેકનુ માન જળવાય તે રીતે કચેરીના તમામને આવકારવા જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના તમામ કર્મયોગીઓ સહિત ઝીણાભાઇ ગામીતના કુટુંબીજનો પણ ઉપસ્થિત રહ્યાં હતા. ઉલ્લેખનીય છે કે, માહિતી ખાતાના જિલ્લા અધિકારીઓની રાજ્યકક્ષાની પ્રતિમાસ યોજાતી સમીક્ષા બેઠક પણ આજે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત માહિતી કમિશ્નર કે.એલ.બચાણીએ પણ ગામિત સહિતના નિવૃત્ત થતા તમામ કર્મયોગીઓને શુભકામનાઓ પાઠવી હતી. તો દક્ષિણ ગુજરાત ઝોનના સંયુક્ત માહિતી નિયામક અરવિંદ મછારે પણ ગામીતને નિવૃત્તિની શુભેચ્છાઓ પાઠવી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૨-૦૭-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** જેઠ, ત્રીજ **સૂર્યોદય :** ૦૬ : ૦૨ **સૂર્યાસ્ત** ૦૭ :૨૪, **ચંદ્રોદય** - ૦૯:૨૪ **ચંદ્રાસ્ત** - ૦૮:૩૯ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - ઉત્તરઅષાઢા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આર્થિક બાબતોમાં સાનુકૂળતા રહેશે. કાર્યક્ષેત્રમાં નવી જવાબદારીઓ મળી શકે છે. પરિવાર સાથે સારો સમય વિતશે, પરંતુ સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**વૃષભ (બ, વ, ઉ) :** ભાગ્યનો સાથ મળશે. વેપારમાં અટકેલા કામ પૂરા થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે.

**મિથુન (ક, ઘ, ચ) :** સ્વાસ્થ્યમાં ઉતાર-ચઢાવ આવી શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. આર્થિક રોકાણમાં સમજી વિચારીને આગળ વધવું.

**કર્ક (ડ, હ) :** વેપારીઓ માટે ધનલાભની તકો છે. ભાગીદારીના કામમાં સફળતા મળશે. દાંપત્યજીવન મધુર બનશે.

**સિંહ (મ, ટ) :** શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. નોકરીયાત વર્ગને અધિકારીઓનો સહયોગ મળશે. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

**કન્યા (પ, ઠ, ણ) :** સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. લવ લાઈફ માટે દિવસ સારો છે. વિદ્યાર્થીઓનું મન અભ્યાસમાં લાગશે.

**તુલા (ર, ત) :** જમીન-મિલકતને લગતા પ્રશ્નો ઉકેલાઈ શકે છે. પરિવારમાં કોઈ શુભ કાર્યક્રમનું આયોજન થઈ શકે છે. માનસિક શાંતિ જળવાઈ રહેશે.

**વૃશ્ચિક (ન, ય) :** સાહસ અને પરાક્રમમાં વધારો થશે. ભાઈ-બહેનનો સહયોગ મળશે. વેપારમાં નવી યોજનાઓ અમલમાં મૂકી શકો છો.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** વાણીમાં સંયમ રાખવો. પરિવારમાં કોઈની સાથે મતભેદ થઈ શકે છે. આર્થિક લેવડ-દેવડમાં સાવધાની રાખવી.

**મકર (ખ, જ) :** આજે આત્મવિશ્વાસ વધશે. સમાજમાં માન-પ્રતિષ્ઠા વધશે. યાત્રાના યોગ બની રહ્યા છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** બિનજરૂરી ખર્ચ વધી શકે છે. સ્વાસ્થ્ય નરમ-ગરમ રહી શકે છે. મનમાં અજાણ્યો ડર કે ચિંતા રહી શકે છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આવકના નવા સ્રોત ઉભા થશે. મિત્રોનો સહયોગ મળશે. અટકેલા સરકારી કામો પૂરા થવાની સંભાવના છે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 3 | | 8 | | | 5 |
| | | 7 | | | | 1 | | |
| 9 | 3 | | | | | | 4 | 6 |
| 1 | 2 | | 6 | | 5 | | 8 | 3 |
| | | | | | | | | |
| 6 | 8 | | 4 | | 1 | | 2 | 7 |
| 7 | 9 | | | | | | 6 | 2 |
| | | 1 | | | | 7 | | |
| 8 | | | 7 | | 6 | | | 9 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૧૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 1 | 7 | 2 | 6 | 9 | 8 | 3 |
| 8 | 3 | 6 | 5 | 9 | 1 | 4 | 7 | 2 |
| 2 | 7 | 9 | 8 | 3 | 4 | 6 | 5 | 1 |
| 9 | 6 | 2 | 3 | 7 | 8 | 1 | 4 | 5 |
| 1 | 5 | 3 | 2 | 4 | 9 | 8 | 6 | 7 |
| 7 | 8 | 4 | 6 | 1 | 5 | 3 | 2 | 9 |
| 4 | 9 | 7 | 1 | 6 | 2 | 5 | 3 | 8 |
| 3 | 1 | 5 | 4 | 8 | 7 | 2 | 9 | 6 |
| 6 | 2 | 8 | 9 | 5 | 3 | 7 | 1 | 4 |

## નાનાપોઢામાં હાઈવે પર પાણી ભરાતા પ્રિ-મોન્સૂન કામગીરી સામે સવાલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૩૦ :** નાનાપોંઢા તાલુકામાં છેલ્લા બે દિવસથી પડેલા સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે. લાંબા વિરામ બાદ મેઘરાજાની મહેર થતાં ડાંગરની વાવણી માટે અનુકૂળ માહોલ સર્જાયો છે. અનેક ખેડૂતો ખેતરોમાં ઉતરી વાવણીની કામગીરીમાં જોડાયા છે, જેના કારણે સમગ્ર પંથકમાં ખેતીને નવી આશા મળી છે. વરસાદને કારણે સૂકા પડેલા ખેતરોમાં ફરી હરિયાળી છવાવાની આશા જાગી છે.

જોકે બીજી તરફ વરસાદે તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ પણ ખોલી દીધી છે. વરસાદ પડતાં જ ૮૪૮ નેશનલ હાઈવેના ચીવલ રોડ વિસ્તારમાં ફરી એકવાર વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રસ્તા પર પાણી ભરાવાને કારણે અનેક નાના-મોટા વાહનો ધીમી ગતિએ પસાર થતાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ દર વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ આ સ્થળે પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે, છતાં તેનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. લોકોનો આક્ષેપ છે કે વરસાદ પહેલાં ગટર અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય સફાઈ તેમજ ડ્રેનેજ વ્યવસ્થાની જાળવણી કરવામાં પૂરતી ગંભીરતા દાખવવામાં આવતી નથી. પરિણામે થોડો વરસાદ પડતા જ રસ્તા પર પાણી ભરાઈ જાય છે અને અકસ્માતનું જોખમ પણ વધી જાય છે.

સ્થાનિકોએ સંબંધિત વિભાગ સામે પ્રિ-મોન્સૂન કામગીરીમાં બેદરકારીના આક્ષેપો કરતાં સમગ્ર ડ્રેનેજ વ્યવસ્થાની સમીક્ષા કરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે. વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે અસરકારક આયોજન અને જવાબદારી નક્કી કરવાની પણ માંગ ઉઠી છે.

એક તરફ મેઘરાજાની મહેરથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ ૮૪૮ નેશનલ હાઈવે પર દર વર્ષે સર્જાતી પાણી ભરાવાની સમસ્યાએ તંત્રની કામગીરી સામે ફરી ગંભીર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિકોમાં હવે માત્ર કામચલાઉ નહીં પરંતુ કાયમી ઉકેલની અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.



## વલસાડના શહીદ ચોક પર પાણીના પરબ પરનું દબાણ હટાવાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ શહેરમાં શહીદ ચોક વિસ્તારમાં આવેલ વર્ષો જૂના પાણીના પરબ પર એક ચાઇના ગાર્ડન ચાઈનીઝ વેચવા માટે લારી લગાવી એક ઈસમે કબજો જમાવી દીધો હતો. જે અંગેની ફરિયાદ મળતા પાલિકાની ટીમે તાત્કાલિક જેસીબી મશીનથી પરબ ગેરકાયદે દબાણ અને લારીના શેડને તોડી પાડ્યા હતાં. આ આકસ્મિક અને કડક ઝુંબેશને પગલે આસપાસના અન્ય ગેરકાયદે દબાણ કરનારા તત્વો અને લારી-ગલ્લાવાળાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

## દમણમાં વરસાદથી માછીવાડ વિસ્તારમાં પાણી ભરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** વરસાદથી કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં વાતાવરણ ખુશનુમા બન્યું. ચોમાસાના સક્રિય થયા પછી સતત વરસાદને કારણે ભેજ અને ગરમીથી રાહત મળી, જોકે સામાન્ય જનજીવન થોડા સમય માટે ખોરવાઈ ગયું. વરસાદ દરમિયાન દમણના માછીવાડ વિસ્તારમાં રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. માહિતી મળતાં જ મ્યુનિસિપલ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મશીનોની મદદથી એકઠા થયેલા પાણીને સાફ કરીને વાહનવ્યવહાર સામાન્ય બનાવ્યો હતો. દિવસભર વાદળછાયું આકાશ અને છૂટાછવાયા વરસાદને કારણે શહેરમાં વાતાવરણ ખુશનુમા રહ્યું. ઠંડા પવન વચ્ચે લોકોએ ગરમા ગરમ વડાપાંઉ અને ચાનો આનંદ માણ્યો. શહેરની ચા અને નાસ્તાની દુકાનોમાં સાંજે સારી ભીડ જોવા મળી, કારણ કે લોકોએ ચોમાસાના આહલાદક વાતાવરણનો આનંદ માણ્યો.

## ધરમપુરના કોચના માર્ગદર્શનમાં વિદ્યાર્થી નેશનલ ડાર્ટ્સ ચેમ્પિયન બન્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** અમદાવાદના કર્ણાવતી ક્લબ ખાતે યોજાયેલી IDC ઓપન નેશનલ ડાર્ટ્સ ચેમ્પિયનશિપમાં હિલ્સ હાઈસ્કૂલ, સુરતના ૧૪ વર્ષીય વિદ્યાર્થી નિખિલ રોયે નેશનલ ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી હતી. JDC વર્લ્ડ કપ ઓફ ડાર્ટ્સ ઈન્ડિયા ક્વોલિફાયરમાં નિખિલ ટોપ-૪માં સ્થાન મેળવી ભારતની જુનિયર ટીમમાં પસંદગી પામ્યો છે અને હવે વર્લ્ડ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. સિદ્ધાર્થ જૈન પાંચમા અને નક્ષ રોય છઠ્ઠા ક્રમે રહ્યા હતાં. IDC યુથ નેશનલ રેન્કિંગમાં કેવિન લાખાણી રનર-અપ અને નિખિલ રોય ત્રીજા ક્રમે રહ્યા હતાં. ગર્લ્સ વિભાગમાં સાચી સુખડિયા વિજેતા, સોનાક્ષી ભગત રનર-અપ અને જાનવી અડકે ત્રીજા ક્રમે રહી હતી. આ તમામ ખેલાડીઓએ ધરમપુરના કોચ રાજ છેડાના માર્ગદર્શન હેઠળ આ સફળતા મેળવી છે. ખેલાડીઓની આ સિદ્ધિથી હિલ્સ હાઈસ્કૂલ, સુરત તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગૌરવની લાગણી પ્રસરી છે.

## અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** ખેડૂતોમાં જમીનની તંદુરસ્તી જાળવવા, સંતુલિત ખાતર વ્યવસ્થાપન અપનાવવા, જમીનની ફળદ્રુપતા વધારવા તેમજ વૈજ્ઞાનિક ટકાઉ કૃષિ પદ્ધતિઓ પ્રોત્સાહન આપવા અને તાંત્રિકતાઓના પ્રચાર પ્રસાર થકી રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પર વધુ પડતી નિર્ભરતા ઘટાડવા માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR), નવીદિલ્હી દ્વારા ૧ જૂન.૨૦૨૬ થી ૩૦ જૂન ૨૦૨૬ દરમ્યાન રાષ્ટ્ર વ્યાપી ખેત બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી દ્વારા જિલ્લાના ૨૮ ગામોમાં પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમો, કૃષિ પ્રદર્શન, કિસાન સંમેલન, કિસાન ગોષ્ઠિઓ, ખેતરની મુલાકાતો, વૈજ્ઞાનિક માર્ગદર્શન કાર્યક્રમો, મેથડ ડેમોન્સ્ટ્રેશન ગોઠવીને તથા સોશિયલ મિડીયા દ્વારા જીલ્લાના કુલ ૩૪,૫૨૩ ખેડુતોને વિવિધ વૈજ્ઞાનિક ખેતી વિષયક તાંત્રિકતાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક લલિત કપુર, પાકસંરક્ષણ નિષ્ણાંત કમલેશ પટેલ, પશુપાલન નિષ્ણાંત ડૉ. બાલુ પટેલ તેમજ કૃષિ ઈજનેર પ્રકાશ જોષી દ્વારા ખેડુતોને જમીન પરીક્ષણના આધારે ખાતરનો ઉપયોગ, ઓર્ગેનિક કાર્બન વધારવાના ઉપાયો, કુદરતી ખાતર, વર્મીકમ્પોસ્ટ, જૈવિક ખાતરો, પાક અવશેષોના યોગ્ય સંચાલન, સૂક્ષ્મ પોષક તત્ત્વોનો સંતુલિત ઉપયોગ તેમજ પાણી અને જમીન સંરક્ષણ અંગે વિસ્તૃત માહિતી આપવામાંઆવી હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વિભાગીય વડા ડૉ. આર એફ ઠાકોરે જિલ્લાના તમામ ખેડૂતોને જમીનચકાસણી કરાવવા, કાર્બનિક પદાર્થનું પ્રમાણ વધારવા અને પ્રાકૃતિક ખેતી અપનાવીને કુદરતી સંસાધનોના સંરક્ષણ દ્વારા ખેતીને વધુ નફાકારક અને ટકાઉ બનાવવા માટે અપીલ કરી હતી.

## દમણના જગન્નાથ મંદિરમાં દેવ સ્નાન પૂર્ણિમાની ઉજવણી કરાઈ

### મંદિરના દરવાજા ૧૫ જુલાઈએ ભક્તો માટે ખુલશે : ૧૬મી જૂલાઈએ રથયાત્રા યોજાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** સોમવારે જ્યેષ્ઠ પૂર્ણિમા નિમિત્તે દુનેથાના નિકેતન પાર્ક બી-૯ સ્થિત શ્રી જગન્નાથ મંદિરમાં દેવ સ્નાન પૂર્ણિમા ઉત્સવ ભક્તિ અને ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાન જગન્નાથ, બલભદ્ર, સુભદ્રા અને સુદર્શન ચક્રના દર્શન કર્યા અને તેમની પૂજા કરી. ભૂતપૂર્વ સાંસદ લાલુ પટેલ, સામાજિક કાર્યકર સુરેશ ઓડ અને ભૂતપૂર્વ ડીએમસી કાઉન્સિલર ચંદ્રગિરી ટંડેલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતાં.

સંગઠનના પ્રમુખ અંજલી નંદાના નેતૃત્વમાં સવારે ૬ વાગ્યે મંગળ આરતી સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ સૂર્ય પૂજા, પહંડી, હવન-પૂજા, મહાસ્નાન અને ગજાનન વેશની સાંજની વિધિ કરવામાં આવી. મહાસ્નાન દરમિયાન, ચારેય મૂર્તિઓનો કુલ ૧૦૮ પવિત્ર ઘડાના પાણીથી અભિષેક કરવામાં આવ્યો હતો. ભગવાન જગન્નાથને ૩૫ ઘડા, બલભદ્રને ૩૩, માતા સુભદ્રાને ૨૨ અને સુદર્શન ચક્રને ૧૮ ઘડાના પાણીથી સ્નાન કરાવવામાં આવ્યું હતું.

ભગવાન જગન્નાથનો વાર્ષિક રથયાત્રા ઉત્સવ પણ દેવ સ્નાન પૂર્ણિમાથી શરૂ થયો હતો. તેમણે સમજાવ્યું કે દેવ સ્નાન પછી, ભગવાન અનસાર કાળમાં રહેશે. મંદિરના દરવાજા ૧૫ જુલાઈએ ભક્તો માટે ખુલશે અને ૧૬ જુલાઈએ સવારે ૧૧:૩૦ વાગ્યે, ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાની ભવ્ય રથયાત્રા દુનેથાના શ્રી જગન્નાથ મંદિરથી ગુંડિચા મંદિર માટે પ્રસ્થાન કરશે. આ વર્ષે, ભૂતપૂર્વ ડીએમસી કાઉન્સિલર ચંદ્રગિરી ટંડેલ રથયાત્રામાં ભગવાન જગન્નાથના પ્રથમ સેવક ગજપતિ રાજાની ભૂમિકા ભજવશે. ૨૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથની બહુડા યાત્રા કાઢવામાં આવશે.

### વલસાડ ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશને ચીફ સેક્રેટરીને રજુઆત કરી

## વાપીમાં કાયમી ફાયર ઓફિસર નિમવા અને પ્રિ એનઓસીની અવધિ વધારવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન દ્વારા ગુજરાત રાજ્યના ચીફ સેક્રેટરી એમ. કે. દાસ ને એક પત્ર પાઠવીને વલસાડ જિલ્લા અને વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામ ઉદ્યોગ અને સામાન્ય જનતાના હિતમાં બે મહત્વપૂર્ણ વહીવટી પ્રશ્નો અંગે તાકીદે હકારાત્મક નિર્ણય લેવા રજૂઆત કરી છે. એસોસિએશનના પ્રમુખ અશોકભાઈ કે. મંગે દ્વારા મોકલવામાં આવેલા આ પત્રમાં વાપીમાં કાયમી ફાયર ઓફિસરની નિમણૂક કરવા માટે રિમાઈન્ડર પાઠવવામાં આવ્યું છે, સાથે જ નવા પ્રોજેક્ટ્સ માટે ફાયર પ્રિ- એન. ઓ. સી.ની સમયમર્યાદા વધારવાની પણ માંગ કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યું કે વાપી GIDC એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહતોમાંની એક છે અને તે હાઈ ફાયર રિસ્ક ઝોનમાં આવે છે. વાપીને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ તેનો ભૌગોલિક વિસ્તાર અને વિકાસની ગતિ ખૂબ જ વધી ગઈ છે. સ્થાનિક સ્તરે જ વહીવટી સરળતા રહે અને સુરત સુધી લાંબા થવું ન પડે તે માટે વાપીમાં કાયમી ધોરણે ફૂલ-ટાઈમ ફાયર ઓફિસરની નિમણૂક સત્વરે પૂર્ણ થાય તે અત્યંત જરૂરી છે. અગાઉ આ અંગે કરાયેલી રજૂઆતના જવાબમાં શહેરી વિકાસ વિભાગે આ બાબત વાપી મહાનગરપાલિકાને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપી હોવાનું જણાવ્યું હતું, જેના ભાગરૂપે એસોસિએશને આ પ્રક્રિયા ઝડપી બનાવવા વહીવટીતંત્રને રિમાઈન્ડર આપ્યું છે.

રજૂઆતમાં બાંધકામ ક્ષેત્રને નડતી એક મોટી વહીવટી મુશ્કેલી તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. હાલમાં નવા પ્રોજેક્ટ્સ માટે ફાયર વિભાગ દ્વારા પ્રિ-NOC ફક્ત એક જ વર્ષ માટે આપવામાં આવે છે. જ્યારે બીજી તરફ, રેરા (RERA) ઓથોરિટી દ્વારા પ્રોજેક્ટ પૂર્ણ કરવાની વાસ્તવિક અવધિ (Completion Period) માંગવામાં આવે છે અને તે મુજબ જ પ્રોજેક્ટની મંજૂરી અપાય છે.કોઈપણ મધ્યમ કે મોટા કક્ષાના બાંધકામ પ્રોજેક્ટને પૂર્ણ થતાં ઓછામાં ઓછા ૨ થી ૪ વર્ષનો સમય લાગે છે. દર વર્ષે પ્રિ-NOC રીન્યુ કરાવવાની આ જોગવાઈના કારણે ડેવલપર્સને દર વર્ષે બિનજરૂરી વહીવટી પ્રક્રિયાઓ, સમયનો વ્યય અને માનસિક હેરાનગતિનો સામનો કરવો પડે છે. એસોસિએશને માંગ કરી છે કે જો રેરા પ્લેટફોર્મ પર પ્રોજેક્ટની સમયમર્યાદા સ્વીકારવામાં આવતી હોય, તો ફાયર પ્રિ-NOC પણ ફક્ત એક વર્ષના બદલે રેરાની પ્રોજેક્ટ પૂર્ણ કરવાની અવધિ અથવા પ્લાન પાસિંગની સમયમર્યાદા સુધી માન્ય રાખવી જોઈએ. બાંધકામ ઉદ્યોગના વિકાસ અને વહીવટી સરળીકરણ (Ease of Doing Business)ના હિતમાં આ પ્રિ-NOCની અવધિ ૧ વર્ષથી વધારીને પ્રોજેક્ટની પૂર્ણતા સુધી લંબાવવામાં આવે તેવી અપીલ ચીફ સેક્રેટરીને કરવામાં આવી છે.

## સેલવાસમાં 'મેલેરિયા વિરોધી મહિનો' ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૧ :** આરોગ્ય સચિવ એ. ગોપી કૃષ્ણાના માર્ગદર્શન હેઠળ અને આરોગ્ય સંયુક્ત સચિવ અમિત પમાસીના માર્ગદર્શન હેઠળ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના રાષ્ટ્રીય વેક્ટરબોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ વિભાગે મેલેરિયા વિરોધી મહિના દરમિયાન અનેક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના રાષ્ટ્રીય વેક્ટરબોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામના રાજ્ય કાર્યક્રમ અધિકારી ડૉ. ગણેશ વર્નેકરએ અહેવાલ આપ્યો કે સમુદાય જોડાણ પ્રવૃત્તિઓના ભાગ રૂપે, નમો મેડિકલ કોલેજ, સિલ્વાસાના તબીબી વિદ્યાર્થીઓના સહયોગથી કિલવાણી વિસ્તારમાં એક રેલી અને સમુદાય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. ગણેશ વર્નેકર, લેડી મેડિકલ ઓફિસર ડૉ. અતિકા રોહિત અને મેડિકલ ઈન્ટર્ન ડૉ. સૈફુલ્લાહ ખાને લોકોને મેલેરિયા, તેના લક્ષણો, નિવારણ પગલાં અને સંકલિત વેક્ટર નિયંત્રણ વ્યૂહરચના વિશે માહિતી આપી. વધુમાં, નાની દમણની મોડેલ સ્કૂલમાં જાગૃતિ પ્રવૃત્તિઓ યોજાઈ હતી, જ્યાં કન્સલ્ટન્ટ વિશાલ દમાલિયાએ મેલેરિયા વિરોધી મહિનાનું મહત્વ સમજાવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આયુષ્માન આરોગ્ય મંદિર સ્તરે લાર્વા શોધ અને નાશ, તાવ સર્વેક્ષણ, સ્વચ્છતા અભિયાન અને સમુદાય ભાગીદારી જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

મેલેરિયાના કેસોના ફેલાવાને રોકવા અને નિયંત્રિત કરવા માટે દર વર્ષે જૂનમાં મેલેરિયા વિરોધી મહિનો મનાવવામાં આવે છે, અને આ વર્ષે તેની થીમ મલેરિયાના અંત તરફ હવે આપણે કરી શકીએ છીએ, હવે આપણે જોઈએ છીએ છે.

## ધોધડકુવામાં મહિલા પુત્ર સાથે ગુમ, પોલીસે તપાસ હાથ ધરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા તાલુકાના ધોધડકુવા ગામના હનુમાન ફળિયા (બોરપીવાડ)ની રહેવાસી પૂનમબેન, જેમના લગ્ન સુરતના લાઠીયા કેવલભાઈ તુલસીભાઈ સાથે થયેલા છે, તેઓ પોતાના નાનકડા પુત્ર રિવાંશ સાથે રહસ્યમય સંજોગોમાં ગુમ થતાં પરિવારમાં ચિંતા વ્યાપી છે.મળતી માહિતી મુજબ, પૂનમબેન થોડા દિવસોથી પિયર ધોધડકુવા આવી હતી.તા. ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ તેઓ પુત્ર રિવાંશ સાથે સુરત જવા માટે ઘરેથી નીકળ્યા હતા. તેમની નાની બહેને તેમને અરનાલા મરીમાતા ચોકડી બસ સ્ટેન્ડ સુધી મૂકવા ગઈ હતી. સુરત પહોંચ્યા બાદ ફોન કરવાની વાત કરી હતી, પરંતુ સાંજ સુધી કોઈ સંપર્ક ન થતાં પરિવારજનો ચિંતિત બન્યા હતાં.

ત્યારબાદ માતા ભારતીબેન તેમજ પતિ કેવલભાઈના પરિવારજનોએ વિવિધ સ્થળોએ શોધખોળ હાથ ધરી હતી, છતાં કોઈ ભાળ મળી ન હતી. અંતે પરિવારજનોએ નાનાપોઢા પોલીસ મથકે પહોંચી સમગ્ર ઘટનાની જાણ કરી ફરિયાદ નોંધાવી છે.

પોલીસે પરિવારજનોના નિવેદનો નોંધ્યા બાદ ગુમ થયેલી મહિલા અને બાળકની શોધખોળ શરૂ કરી છે. હાલ સમગ્ર મામલે વિવિધ દિશામાં તપાસ ચાલી રહી છે. પોલીસે ઘટનાને ગંભીરતાથી લઈ બંનેને શોધવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## વલસાડ પાલિકાના ૯ પડતર પ્રશ્નો ૧૦ દિવસમાં ઉકેલો નહીં તો...

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ શહેરના સ્થાનિક પ્રશ્નો અને નગરપાલિકાના કથિત પક્ષપાતી વલણ સામે વોર્ડ નં. ૫ ના રહીશ અને એડવોકેટ અકીબ મકબુલ મલેકે મોરચો માંડ્યો છે. તેમણે વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસરને એક લેખિત નોટિસ પાઠવીને વલસાડના હિત અને વિકાસ માટે વિવિધ ૯ જેટલા પડતર મુદ્દાઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી છે. જો આગામી ૧૦ દિવસમાં આ કામગીરી કરવામાં નહીં આવે, તો આગામી ૧૩/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી વલસાડ નગરપાલિકાની કમ્પાઉન્ડમાં આમરણ ઉપવાસ પર બેસવાની ચીમકી આપવામાં આવી છે.

વલસાડ નગર પાલિકા વોર્ડ નં. ૫ ના રહીશ અને એડવોકેટ અકીબ મકબુલ મલેકે મોરચો માંડ્યો છે. તેમણે વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસરને એક લેખિત માં રજુઆત કરી કે વલસાડ નગરપાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરોનું ભાડું વસૂલવામાં આવે છે, પરંતુ જરૂરી સુવિધાઓ કે રીપેરિંગ કરાતું નથી. આ સેન્ટરોનું રીપેરિંગ નગરપાલિકાના ખર્ચે થાય અથવા રાજ્ય સરકારના જંત્રી ભાવે ભાડુતોને માલિકી હક્ક આપવામાં આવે, ટાઉન પ્લાનિંગ અધિકારી અને ઉચ્ચ અધિકારીઓ મોટા ગજાના લોકો સામે કાર્યવાહી કરવાને બદલે ગરીબ લારી-ગલ્લાવાળાઓ સામે તાત્કાલિક પગલાં ભરી તેમની આજીવિકા છીનવી રહ્યા છે.

જે બંધ થવું જોઈએ, વલસાડના મોટાભાગના વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે, જેના કારણે રાત્રિના સમયે મહિલાઓ, યુવતીઓ અને બાળકો અંધારાને લીધે બહાર નીકળી શકતા નથી. ડ્રેનેજ લાઈનના ચેમ્બરો ભરાઈ અને ઉભરાઈ રહ્યા છે. ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા અંગે વારંવાર ફરિયાદ કરવા છતાં તંત્ર ઉદાસીન છે. શહેરની સ્કૂલો અને હોસ્પિટલો પાસે બાળકો, વાલીઓ અને સામાન્ય જનતાની સલામતી માટે સ્પીડ બંપ બનાવવામાં આવે, ઘન કચરો ઉપાડવાની કામગીરી યોગ્ય રીતે થતી ન હોવા છતાં વસૂલવામાં આવતો સેનિટેશન ટેક્સ તાત્કાલિક બંધ કરી અત્યાર સુધી ઉઘરાવેલા નાણાં જનતાને પરત કરવામાં આવે, પાલિકા વિસ્તારના ગરીબ લારી ધારકોને હેરાન કરવાને બદલે વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવે જેથી તેઓ સન્માનભેર રોજગારી મેળવી શકે, બિનકાયદેસર દબાણો અંગે પાલિકા દ્વારા માત્ર નોટિસો આપી સંતોષ મનાય છે, અરજદાર એડવોકેટ અકીબ મલેકે વલસાડની જાહેર જનતાને પણ પોતાના હક્કો માટે આ લડતમાં જોડાવા અને પાલિકાની ઉદાસીનતા સામે અવાજ ઉઠાવવા અપીલ કરી છે.

## પારનેરામાં દીવાલ બનાવવા બાબતે પરિવારો વચ્ચે મારામારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ તાલુકાના પારનેરા હરીયા રોડ વિસ્તારમાં નજીવા જમીન વિવાદ અને દીવાલ ચણવા બાબતે સગા ભાઈઓના પરિવારો વચ્ચે થયેલી મારામારીમાં લોખંડના સળિયા અને લાકડીઓ ઉછળતા પરિવારના સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેને પગલે વલસાડ પોલીસ મથકે સામસામી ફરિયાદો નોંધાઈ છે. વલસાડ રૂરલ પોલીસ માં જેનીશ શૈલેષભાઈ કોળી પટેલે તેના જ મોટા કાકા શંકરભાઈ પટેલ, કાકી નયનાબેન અને પિતરાઈ ભાઈ રીકેશ સામે ફરિયાદ નોંધાવી છે. કે ૨૯ જૂનના રોજ બપોરે કાકાનો પરિવાર તેમના ઘરની દીવાલને અડીને પાકી ઈંટની દીવાલ બનાવી રહ્યા હતાં. આ જગ્યા વચ્ચેથી ગેસ પાઈપલાઈન પસાર થતી હોવાથી જેનીશના માતા-પિતાએ દીવાલ બનાવવાની ના પાડી હતી. આ બાબતની અદાવત રાખી રીકેશે ઉશ્કેરાઈને લાકડાના દંડા વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ કાકા શંકરભાઈએ લોખંડના સળિયા વડે જેનીશના પિતાના માથાના ભાગે ફટકો માર્યો હતો, જ્યારે કાકી નયનાબેને હોકી સ્ટીક વડે હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત પિતાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમને માથામાં ટાંકા આવ્યા છે. શંકરભાઈ પટેલે વળતી ફરિયાદ નોંધાવી કે પોતાના ઘરનું કમ્પાઉન્ડ વોલ (દીવાલ) બનાવવા માટે કડિયા પાસે કામ કરાવી રહ્યા હતા. તે સમયે તેમના નાના ભાઈ શૈલેષભાઈના પત્ની તેજલબેન, પુત્રો જેનીશ અને બાદલ ત્યાં ધસી આવ્યા હતા અને ઝગડો કર્યો હતો. શંકરભાઈનો આરોપ છે કે, શૈલેષભાઈ અને તેમના દીકરાઓએ લોખંડના સળિયા વડે તેમના પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હતો. મારામારી દરમિયાન શંકરભાઈના ગળામાંથી સોનાની ચેન પણ ગુમ થઈ હોવાનો આક્ષેપ કરાયો છે. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હીલક્રેસ્ટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. આ ઘટનાને પગલે પોલીસે બંને પક્ષોની ફરિયાદો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દેગામ મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટમાં 'સમાવેશ શાળા પ્રવેશોત્સવ' ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ, દેગામ ખાતે દિવ્યાંગ તથા શ્રવણબાધિત બાળકો માટે સમાવેશ - શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી અદિતીબેન અંકિતભાઈ પટેલ, સભ્ય, જિલ્લા પંચાયત, વલસાડ ઉપસ્થિત રહ્યા હતાં. જ્યારે વિશિષ્ટ અતિથિ તરીકે વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, તેમજ વિશેષ અતિથિ તરીકે એચ. એસ. કદમ, અમોલી ઓર્ગેનિક્સ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ મોહન દેવ, અમૃતભાઈ સોની, પ્યારેલાલ શર્મા, રમાકાંત યાદવ તથા ડૉ. ચિંતન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પ્રાર્થના નૃત્ય રજૂ કરીને ઉપસ્થિત મહાનુભાવો અને વાલીઓનું મન મોહી લીધું હતું. વિદ્યાર્થીઓની પ્રતિભા અને આત્મવિશ્વાસે સૌને ભાવવિભોર કરી દીધા હતા.

આ પ્રસંગે શાળામાં ૨૦ નવા દિવ્યાંગ વિદ્યાર્થીઓનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે તમામ નવા વિદ્યાર્થીઓને તિલક, પુષ્પ અને શુભેચ્છા સાથે શાળામાં પ્રવેશ અપાવી શાળા પ્રવેશ વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

મહેમાનોએ બાળકોને આશીર્વાદ પાઠવી શિક્ષણ દ્વારા આત્મનિર્ભર બનવા ેરણા આપી હતી. કાર્યક્રમ દરમિયાન સ્કિલ ડેવલપમેન્ટ તાલીમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતાં. મુખ્ય અતિથિ, વિશિષ્ટ અતિથિ અને વિશેષ અતિથિએ પોતાના ઉદ્બોધનમાં દિવ્યાંગ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સમાજમાં સમાન તકો ઉપલબ્ધ કરાવવા સૌના સંયુક્ત પ્રયાસોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે અમોલી ઓર્ગેનિક્સના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -**સંપાદક**

## ઘડપણ એટલે અનુભવનો ખજાનો



ઘડપણ એટલે અશક્ત ઓછી સમજ પડે અને કચકચ કરે તેવી સમજ માન્યતા છે. તેમને બે ટાઈમ જમવાનું અને આરામ કરવાનો. દીકરા - વહુ રાખે તેમ રહેવું પડે, માન - અપમાન સહન કરવા પડે છે. પણ એ ન ભૂલવું જોઈએ કે આપણે પણ બધા જ વૃદ્ધ થવાના છે દરેકે દરેક વૃદ્ધઓએ

પોતાની યુવાનીમા સખત તનતોડ મહેનત કરી ઘરબાર વસાવ્યા છે.જેના થકી બીજી પેઢી સુખ ભોગવે છે.

ખરેખર તો ઘડપણ એટલે અનુભવનો ખજાનો છે. તેને ખોટી રીતે વેડફશો નહી. જરૂર હોય તેને જ સલાહ સૂચન માર્ગદર્શન આપશો. વણમાગી સલાહ આપી સ્વમાન ગુમાવશો નહી. કુદરતે આપેલી જિંદગી શાનથી ભોગવો. તમાશો જુઓ, ન જીરવાતા હોય તો આંખ આડા કાન કરો. બીજી પેઢીને પોતાની રીતે ઈચ્છા પ્રમાણે જીવવાને અબાધિત અધિકાર આપો.કુટુંબમા સર્વેને તમામ પ્રેમ મળે તેમજ જરૂર હોય ત્યાં સલાહ માર્ગદર્શન મળે તેમ ઉપયોગી થવા પ્રયત્ન કરો બાકી ખોટા અંકુશ મુકશો તો બુમરાંગ સાબિત થશે. યાદ રાખજો કે ઘડપણ તો વિદાય સમારંભની તૈયારી છે. તમારી મનગમતી પ્રવૃત્તિમા જોતરાઈ જાવ. માનસિક પરોજણ સતાવશે નહી. નિયમિત ભક્તિ સત્સંગ કે વાંચનમાં મસ્ત રહો. પારકી પંચાતમા પડશો તો દાઝવું પડશે. એક એક દિવસ કિંમતી હોય છે. તેને વેડફી ન નાખશો. જીવન ઉપયોગી ભાથું ભેગું કરવાની તૈયારીમા રહેવું.યોગ્ય આહારની સાથે યોગ્ય વિહાર એટલે શારીરિક શ્રમ, કસરત, અને યોગાસન નિયમિત કરતા રહેવું. કથા સત્સંગ કે સારુ વાંચનમાં સમય ગાળવો જોઈએ. મૌન પાળવા પ્રયાસ કરવો જોઈએ. અંતિમ સમય બગાડશો નહી અને જીવનની સુવાસ છોડીને જશો.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## જન્મ- મરણનો ક્રમ એ કુદરતી પ્રક્રિયા છે



જીવન જીવવા જેવું છે અને મરણ વિશે ઝાઝું વિચારવા જેવું નથી. વિચારી વિચારીને પણ કેટલું વિચારશો? સાવ સીધી સાદી વાત છે કે બાળક જન્મે છે ત્યારે માતા બે હાથમાં એને લઈને ઘરમાં પ્રવેશે છે. અને આપણે જઈએ છીએ ત્યારે ચાર ખભા પૂરતા છે. હવે તો ખભાની પણ જરૂર રહેતી નથી, કારણ કે, શબવાહિની હોય છે. જીવન અને મરણનો ચકરાવો ચાલ્યા કરે છે. મરણ એટલે શું? એમ કોઈ પૂછે તો એનો સીધો સાદો જવાબ છે. ઈન્દ્રિયોનું ઓલવાઈ જવું. આપણી આંખ આથમે પછી આપણાં માટે સૂરજ ઉગતો નથી.

મરણ અનેક રીતે આવે છે. બીમારી રૂપે, અકસ્માત રૂપે, યમરાજાના કોઈ નિયમ નથી હોતા. એનું કોઈ તર્કશાસ્ત્ર નથી હોતું. પથારીમાં પડ્યા હોય અને ધીમે ધીમે બધું આથમતું જાય. કોઈક આપણા કાન પાસે કંઈક કહે અને કાનના કૂવા તો ખાલીખમ રહે. જેના સ્પર્શથી શરીરને એકવાર રોમાન્સ થતો હતો એના સ્પર્શને પણ શરીર ન ઓળખી શકે. શ્વાસના થાકેલાં વણઝારાનો નાક સાથે નાતો છૂટી જાય એ બીજું કશું નહીં મરણ છે. જીવન અને મરણનો આ ચકરાવો ચાલ્યા જ કરવાનો.આપણી પરંપરા કહે છે આત્મા કદી મરતો નથી. એ તો નવુંનક્કોર શરીર ધારણ કરે છે. ગીતામાં કહ્યું છે તેમ, આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતો નથી. કોઈકે કહ્યું હતું કે , ઊંઘમાં પડખું ફરીએ એની જેમ આપણને ખબર નહીં હોય તેમ જીવન અને મરણ માત્ર આ જ પાંચ તત્વોનું મળવું એ જીવન છે. પાંચ તત્વોનું છૂટા પડવું તે મરણ છે. ઊંઘમાં પડખું ફરીએ એની જેમ આપણને ખબર નહી હોય તેમ જીવન અને મરણ આ બે પડખાં છે. મરણ જેટલું વ્યથાકારક હોય છે તેના કરતાં મરણનો ભય માણસને મરતા પહેલાં મારી નાખે છે. હકીકતમાં જે નિશ્ચિત છે એને ગૌરવ પૂર્વક સ્વીકારી શકીએ એમાં જ આપણી મહત્તા છે.


સાહેબ, આ એક એવો -દેશ છે કે જ્યાં આપણું કંઈ ચાલતું નથી. અલબત્ત કોઈ સાવિત્રી જેવી સ્ત્રી યમ-ને પરાજિત કરી સત્યવાનને પાછો લાવે તે વાત જૂદી છે.

ગમે એટલી પ્રિય વ્યક્તિ હોય પણ એ મૃત્યુ પામે પછી એના દેહને નિકાલ કરવો જ પડે છે એને સંઘરી રાખી શકાતો નથી આર વ્યક્તિ દિવાલ પરની છબી થઈ જાય છે.

મનુષ્યને સ્મરણનું વરદાન મળ્યું એટલે વ્યક્તિ જાય છે પણ સ્મૃતિ તો શેષ રહે છે. મરણ એ અંત નથી પણ નવાનક્કોર જીવનનો પ્રારંભ છે. મરણ એ શરીરની આદત છે, આત્માની નહીં.

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## શકિતશાળી બનો



માણાસ જયારે ધરતી પ આવે છે. ત્યારે એક સામાન્ય પ્રાણી જેવો જ હોય છે તેણે બીજા લોકો પર આધાર રાખવો પડે છે. બીજા માટેની મદદ તથા સેવા દ્વારા જ તે ૮છરીને મોટો થાય છે. ધીમે ધીમે તેનો વિકાસ થાય છે. અને એક ીદવસ તે પીરપકવ બને છે. પરંતુ એનામાં એનુ પોતાનું કહેવાય એવું શું છે. જે તેને વિશેષ બનાવે છે દઅને જો શોધીને એવો બનવાનો પ્રયાસ કરવામાં આવે તો આત્માને સંતોષ થાય છે.


આપણે ઈશ્વરનું એક સાધન છીએ. તેની વ્યવસ્થાનું એક અંગ છીએ. જયારે કોઈ આપણને ખોટુ સમજાવે કે આ માનવજીવન તો લહેર કરવા માટે મળ્યું છે એટલે ખાઈ પી ને મઝા કરો. અહીં કોઈ કુદરતી વિધાન નથી. ત્યારે જ બધી વિકૃત્તિઓ શરુ થાય છે. જો ચિંતન કરશો તો સમજાશે કે એના કારણે આપણે આપણી વાસ્વતિક સત્તાથી કેજ્ઞટલા બધા દુર જતા રહ્યાં.આપણે સત્યને પામવાનો પ્રયાસ કરતા નથી. તક્ષ, ક્ષુદ્ર, સ્વાર્થમાં જ રહ્યા પહ્યા રહીએ છીએ આ માન્યતાને અપણે બદલવી પડશે. અને ઈશ્વરીય શકિતને સમજીને તેને પામવાનો પ્રયાસ કરવો પડશે. જેમણે જીવનમાં આગળ વધવુ હોય તેમણે તેને સાર્થક બનાવવા માટે પુરુષાર્થ કરવો પડશે.

મનમાં અને જીવનમાં જે વિકારો હોય તેમને શોધી શોધીને દૂર કરો. અને નિર્વિકાર બનો પછી જે જે કાર્ય કરવા માટે આપણને જન્મ મળ્યો છે તે કરી શકીશું આપણે આંતરિક રીતે શકિતશાળી બનવુ જોઈએ. આપણા આત્માને બળવાન બનાવવો જોઈએ. પછી જયાં પીડા અને પત્તન દેખાય ત્યાં દોડી જઈને દુર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ કામ અઘરુ નથી. આપણે માત્ર આપણા આંતરિક શક્ષુઓ ખોલવાની જ જરુર છે. ભૌતિકતાની માયાજાળમાં આપણે ફસાયેલા છીએ. એમાંથી બહાર નીકળીને આપણા આત્માના અવાજને અનુસરવુ જોઈએ.

આપણે પરમસત્તાને તન, મન, ધનથી સંપૂર્ણ સમર્પણ કરીને પરમાત્મા સાથે એકરાર થવુ જોઈએ. એનાથી જ પરમાત્માની પ્રાપ્તી થઈ શકશે. પરમાત્મા સાથે જોડાવાથી આપણા આત્માનો ઉત્કર્ષ થશે. આપણે પરમાત્મ્ય થઈ ઈને બીજી બધી કલ્પનાઓ તથા વિચારોનો ત્યાંગ કરી દેવો જોઈએ. જીવનમાં મહાનતાનું વરણ કરવું જોઈએ. આ સંસારમાં જયા પણ પાપ તથા સકીર્ણતા છે તે અજ્ઞાનતાના કારણે છે. આથી આપણે સદજ્ઞાન પ્રાપ્ત કરવુ એ જ આપણા જીવનનું લક્ષ્ય હોવું જોઈએ. આપણી તમામ પ્રવૃત્તિઓનું કેન્દ્ર માત્ર સદજ્ઞાનની પ્રાપ્તી જ હોવું જોઈએ અને એ સદજ્ઞાનનો પ્રકાશ આપણે ચારેય બાજુ ફેલાવવાનો પ્રયાસ નિશ્ચય કરતા રહેવું જોઈએ.

**- હર્ષદ દેસાઈ, વટાર**

## જીવનની ઢળતી એક્યાસીમી સંધ્યાએ કેટલાક સંસ્મરણો



મનુષ્ય રૂપે આ પૃથ્વી ઉપર જન્મ્યા પ્રભુના અર્શીવાદનું આ ફળ મળેલું છે. એમ કહી શકાય. જીવન તો પસાર થઈ ગયા જીવી તો ગયા. પરંતુ ગત વરસો કેવું જીવન એ ખુબ મહત્વનું છે. મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા તો અવશ્ય મળે જ છ. દેશી નળિયાવાળા કામળાની ભીત અને જમીનનું તળિયું ગાયના ગોબર- છાણથી લીંપણવાળા મસમોટા ઘરમાં નાનપણ રંગે ચંગે પસાર થયેલૂં. દાળ- રોટલા- ચોખાનું ભડકુ રોજનો સાદો સીધો ખોરાક, સવારે જન્મ્યાહોય તો સાંજની ફિકર કરવાની છતાં ગરીબ મા-બાપે સાત જણ ભાઈ- બહેનનો ઉછેર- પાલન - પોષણ કરેલું. શિક્ષણ યથાકાળ સમય પ્રમાણે મળ્યુ મે પણ લીલી સુકી સંસારની ચડતી પડતી દુઃખદાયક સ્થિતિ માૃથી હેમ ખેમ પસાર થયેલો. આ લખનારનું મસ મોટો પરિવાર, પાંચ છોકરા એક છોકરી નો ઉછેર, પાલ- પોષણ આપી રસ પ્રમાણે દરેકને શિક્ષણ- સંસ્કાર, લગ્નો કર્યા. આજે ૮૦ વર્ષે અઠયાસીસનો ગરીબ છતાં હસતો રમતો કિલ્લોલ કરતો પરિવાર છે. આધિ વ્યાધિ અને ઉપાધિનો તો તોટો નહોતો તેમાંથી પસાર થયેલા છીએ. ગરીબ બા, બાપુજીને અભણ હોવાથી કં/ ખબરપડતી નહોતી. કે મારા દીકરો રાયસીંગ શું વાંચે છે શું લખે છે, પાઠયપુસ્તકો તો પછી રાતર `કેરોસીનના દીવા અને બળતા ફાનસની જયોતના અજવાળા દીકરો કયારેક રાત્રિના પાછલા પહોર સુધી પણ વાંચ વાંચ કરતો. સાહિત્યમાં કુદરત લગાવ શબ્દો સાથેનો નાતો, કહી શકાય કે ગાઢ સંબંધ પણ આ બધી ઉપલબ્ધીઓ પુષ્કળ, નવલકથા, વાર્તા અને ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ, વાંચન, ધરમપુરની બે લાયબ્રેરી, દરેક વિષયોના પુસ્તક વાંચન કર્યુ હતું. જેનુ ફળ સફળતા એકયાસી વરસે મળી. પ્રત્યન કયારેય પણ એળે જતા નથી. માબાપ જાણે દીકરો ખુબ વાંચે છે છેવટે જુનુ એસ.એસ.સી. અભ્યાસ કર્યો. બ્રેક લાગી ગઈ. નોકરી એ લાગ્યો. વીસ વરસે ફેકટરી બંધ, ખુબ અનુભવ અભિયાસના પરિણામે કામદાર નેતા તરીકે ગુજરાત મુંબઈ હાઈકોર્ટે લેબર કોર્ટ સુધી લડત આપી. કામદારોનીસેવામાં જીવન સમર્પિત કર્યુ. જેમના કદાચ આશીર્વાદથી આજે એકયાસી જીવનની ઢળતી સંધ્યામાં પ્રવેશી શકયો છુ. પરમ કૃપાળુ પરમાત્માની કૃપા.. અસ્તુ

**-રાયસીંગ ડી. વળવી, ધરમપુર**

## પહેલા અને છેલ્લા શ્વાસની વચ્ચે..



એક નાનકડું બાળક જ્યારે પહેલો શ્વાસ લે છે, ત્યારે દુનિયા હસે છે અને એ રડે છે. પણ જ્યારે એ જ માણસ પોતાનો છેલ્લો શ્વાસ છોડે છે,ત્યારે આખી દુનિયા રડે અને એ શાંતિથી પોઢી જાય- બસ,આ બે શ્વાસ વચ્ચેની ખાલી જગ્યા પૂરવાનું નામ જ જિંદગી છે.

આપણે રોજ જીવીએ છીએ,રોજ દોડીએ છીએ. તિજોરીઓ ભરીએ છીએ, બંગલા ચણીએ છીએ. પણ ક્યારેય વિચાર્યું છે કે જ્યારે એ છેલ્લો શ્વાસ છૂટશે, ત્યારે સાથે શું જશે? બેન્ક બેલેન્સ કે ગાડીઓની ચાવીઓ? ના, સાથે માત્ર એટલું જ જશે જે આપણે બીજાના દિલમાં વાવીને જઈશું.

મૃત્યુ તો માત્ર શરીરનું થાય છે, માણસનું નહીં. સ્મશાનની રાખ થઈ ગયા પછી પણ વ્યક્તિ કેટલા વર્ષ જીવશે ને,એ તેના જીવતેજીવ કરેલા કર્મો નક્કી કરે છે. કોઈના સુકાઈ ગયેલા હોઠ પર લાવી આપેલી એક નાનકડી મુસ્કાન, કોઈ નિરાધારને આપેલો સહારો, કે કોઈની આંખમાંથી લૂછેલું એક આંસુ-આ જ એ મૂડી છે જે માણસને સદીઓ સુધી જીવતો રાખે છે.

જગતમાં આવ્યા પછી જો કોઈનું આંસુ ન લૂછી શક્યા, તો આપણો અહંકાર ગમે તેટલો મોટો હોય,આપણું અસ્તિત્વ સાવ વામણું છેૅ. આજે અરીસા સામે ઊભા રહીને ખુદને એક સવાલ પૂછજોૅ જો આજે મારો છેલ્લો શ્વાસ હોય, તો કાલે મને કોણ અને કેમ યાદ કરશે? હજી સમય છે, શ્વાસ ચાલુ છે. સંબંધોને વહાલથી ભરી દો,નફરત છોડી દો અને એવું કંઈક કરી જાઓ કે સ્મશાનની ચિતા ઠરી ગયા પછી પણ, કોઈની આંખોમાં તમારા નામનું એક આસુ કાયમ ભીનું રહે. એ ભીની આંખ જ તમારી અમરતાની સાબિતી હશે.

પહેલા અને છેલ્લા શ્વાસની વચ્ચે,
માણસે જે કર્મ કર્યા હોય
એનાથી નક્કી થાય કે..
માણસ મૃત્યુ પછી પણ
કેટલા વર્ષ જીવશે...

**-અશોક જોશી, બીલીમોરા**

## ભસ્મ થાતી જીંદગી...!



કેટલીયે જીંદગી, થોડી ક્ષણોમાં ભસ્મ થઈ..!

કેટલા માબાપની આશાઓ, ક્ષણમાં ભસ્મ થઈ..! કોણ ગુનેગાર છે, આવી ભયાવહ? આગ માટે..? છે કોની જવાબદારી, ઘાતક આવા બનાવ માટે..? થાશે કોને સજા અહીં, કોને ખબર, ક્યારે ખબર..? આજ યુવાઓની જીંદગી, વાતવાતમાં ભસ્મ થઈ..! ક્યાં કોઈ નિયમની સાથે, ક્યાં કોઈ અમલીકરણ..?

વાતવાતમાં જોવા મળશે, બસ અહીં તો રાજકારણ..! કોણે દિધી માન્યતા, કે કોણે મંજુરી દિધી..? તંત્ર બેદરકાર તેથી, ભસ્મ થઈ અહીં જીંદગી..! એસીમાં પુશબેક ચેરે, બીરાજતા એ સાહેબો, કાગળો ટેબલ ઉપર, લેણદેણ નીચે થાય જ્યાં, કોણ આવી કરે છે ઓડિટ, રૂબરુ આવીને અહીં.? ભ્રષ્ટ તંત્રના કારણે, અહીં રાખ થઈ ગઈ જીંદગી..! તક્ષશિલા યાદ છે ને, સુરતની એ ભસ્મ ઘટના.! રાખ થૈતી કેટલીયે જીંદગી, બસ એ જ ઘટના..! આજ પણ આંસુ વહે છે, એ પીડીત માબાપના, જેમાં પણ આમ જ થઈતી, ભસ્મ કેટલી જીંદગી..? હા, હજીયે ચાલુ પેલી, તપાસ છે વર્ષો પછી.! ગુનેગારો કોણ છે, ક્યાં ખબર પડી વર્ષો પછી..! બસ તપાસનું ભૂત અહીં, ધૂણતું રહે વર્ષો પછી..! છોને થાતી રહેતી આમ જ, ભસ્મ યુવા જીંદગી...! ક્યાં સુધી, કહો, ક્યાં સુધી, આ નાટકો અહીં ચાલશે.? ક્યાં સુધી નિંભર એવા, અધિકારીઓનું ચાલશે..? થાય છે ક્યાં કોઈને પણ, કાંઈ પણ વર્ષો સુધી..? રોળાયા કરશે સતત અહીં, ભસ્મ થાશે જીંદગી..!

લખનૌ કોચિંગ ક્લાસ આગ ઘટનાના સંદર્ભમાં.....!

**- લાયન કિરીટ શાહ. વાપી**

# WhatsAppના નવા User ID ફીચરથી ફ્રોડ વધવાની આશંકા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧** : વોટ્સએપે તાજેતરમાં જ મોબાઈલ નંબર વગર અન્ય લોકો સાથે વાત કરવા માટે નવું યુઝરનેમ ફીચર લોન્ચ કર્યું છે. કંપનીનો દાવો છે કે, આનાથી યુઝર્સની પ્રાઈવસી મજબૂત થશે. જોકે ભારત સરકાર આ ફીચરને લઈને સતર્ક થઈ ગઈ છે અને તેની સુરક્ષા પાસાઓની તપાસ કરવાની તૈયારી કરી રહી છે. સરકારને આશંકા છે કે, આ ફીચરના કારણે ઓનલાઈન ફ્રોડ અને ફેક આઈડીના કિસ્સાઓ વધી શકે છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર એ સમજવા માંગે છે કે, આ સુવિધા સાયબર અપરાધીઓ માટે નવું હથિયાર તો નહીં બની જાય ને. જો તપાસમાં કોઈ ગંભીર ખામી કે સુરક્ષા સંબંધિત સમસ્યા સામે આવશે તો વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાને નોટિસ પણ મોકલવામાં આવી શકે છે.

આ ફીચર જાણીતી એપ ટેલિગ્રામની જેમ જ કામ કરે છે. અત્યાર સુધી વોટ્સએપ પર વાત કરવા માટે મોબાઈલ નંબર જરૂરી હતો પરંતુ હવે યુઝર માત્ર પોતાના યુઝરનેમ દ્વારા પણ વાતચીત શરૂ કરી શકશે. આનાથી અજાણ્યા લોકો સાથે નંબર શેર કરવાની જરૂર નહીં પડે અને યુઝરનો મોબાઈલ નંબર સામેવાળી વ્યક્તિને દેખાશે નહીં.

સરકારી અધિકારીઓનું માનવું છે કે જો કોઈ વ્યક્તિ અન્ય કોઈના નામ જેવું યુઝરનેમ બનાવી લે અથવા પોતાની સાચી ઓળખ છુપાવીને લોકોનો સંપર્ક કરે તો ઓનલાઈન ઠગાઈની નવી રીતો સામે આવી શકે છે.

અગાઉ ટેલિગ્રામ પર પણ ફેક યુઝરનેમ અને નકલી પ્રોફાઈલ દ્વારા છેતરપિંડીના અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. સોશિયલ મીડિયા પર પણ લોકો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે કોઈ કંપની કે સેલિબ્રિટીના નામ મળતા આવતા યુઝરનેમ બનાવીને લોકોને ભ્રમિત કરી શકાય છે.

સામે પક્ષે વોટ્સએપનું કહેવું છે કે દરેક યુઝરનેમ યુનિક હશે. કોઈ નકલ ન કરી શકે તે માટે કેટલાક હાઈ-પ્રોફાઈલ નામો પહેલેથી જ સુરક્ષિત રાખવામાં આવશે. આ સિવાય કંપની કોઈ પબ્લિક યુઝરનેમ ડિરેક્ટરી પણ બનાવવાની નથી, એટલે કે કોઈ પણ વ્યક્તિનું યુઝરનેમ જાણીતું હશે તો જ તેનો ઉપયોગ કરી શકાશે.

## એરપોર્ટ પર પકડાતું ડ્રગ્સ



આપણાા ગુજરાતના સુરત અને અમદાવાદ એરપોર્ટ પર ડ્રગ્સ ઝડપાવાના ચોંકાવનારા સમાચાર દૈનિક અખબારમાં અવરનવર વાંચવા મળે છે. જાણે આ એરપોર્ટ ડ્રગ્સના દાણચોરો માટે ગેટવે બની ગયા હોય એમ લાગે છે. આ દુઃખદ સમાચાર વાંચીને કેટલાક પ્રશ્નો મનમાં ઉપસ્થિત થાય છે. પ્રથમ તો જેટલું ડ્રગ્સ પકડાઈ જાય છે તેનાથી અનેકગણું ડ્રગ્સ પકડાયા વિના ચોરી છુપીથી બહાર નીકળી જતું હશે એટલે કે વાપરનારાઓ સુધી પહોંચી જતું હશે ! બીજો પ્રશ્ન એ થાય છે કે ગુજરાતમાં આટલા બધા ડ્રગ્સના વ્યસનીઓ હશે તો જ ડ્રગ્સ માફિયા જોખમ ખેડીને ડ્રગ્સ લાવતા હશે ને ? ત્રીજો પ્રશ્ન એ પણ થાય છે કે આ બંને એરપોર્ટ દાણચોરો માટે સોફ્ટ હશે કે કેમ ? ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર ફૂલી ફાલી રહ્યો હોય એમ લાગે છે. ગુજરાતની યુવા પેઢી માટે ગંભીર પડકાર ઊભો થઈ રહ્યો છે. ગુજરાતની યુવા પેઢી બરબાદના માર્ગે ધકેલાઈ જાય તે પહેલા ચેતી જવાની જરૂર છે. ડ્રગ્સનો કારોબાર સરકાર માટે અને સમાજ માટે ખૂબ જ મોટો ચિંતાનો વિષય છે. ફક્ત યુવાનો અને યુવતીઓ જ બરબાદ નથી થઈ રહ્યા પરંતુ અનેક પરિવારો પણ બરબાદ થઈ રહ્યા છે. દરિયાઇ માર્ગે, જમીન માર્ગે અને હવાઈ માર્ગે ડ્રગ્સનો કારોબાર ચાલી રહ્યો હોય એવું લાગે છે. કોઈ પણ માર્ગે ડ્રગ્સ જપ્ત થાય છે ત્યારે સમાજ માટે એ ગંભીર ખતરાની ઘંટડી સમાન છે. દારૂ અને ડ્રગ્સના વ્યસનમાં યુવા પેઢી વધુને વધુ ફસાતી જશે તો ગુજરાત અને ભારત સમૃદ્ધિ તરફ કઈ રીતે આગળ વધશે ? ડ્રગ્સના વ્યસનના રવાડે ચડી રહેલ યુવા પેઢી ફક્ત શૈક્ષણિક રીતે જ બરબાદ થઈ રહી છે એવું નથી એમની કારકિર્દીને પણ ભયંકર વિપરીત અસર થાય છે. યુવા પેઢીનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંને બગડે છે એટલું જ નહીં યુવાનો ચોરી અને ગુનાખોરીના રવાડે પણ ચડી જાય છે. યુવાનોમાં વધી રહેલી આત્મહત્યાના બનાવો માટે પણ ડ્રગ્સનું વ્યસન કારણભૂત છે. સમાજમાં વધતી જતી અસામાજિક પ્રવૃત્તિઓ માટે પણ ડ્રગ્સના વ્યસનની બદી કારણભૂત છે. ગુજરાતને ડ્રગ મુક્ત ગુજરાત બનાવવું હોય તો સહિયારા પ્રયત્ન કરવા પડશે. ઉડતા પંજાબની જેમ જ આપણું ગુજરાત ઉડતા ગુજરાત બને એ આપણા સૌને માટે શરમજનક બાબત છે. કાયદામાં કડક જોગવાઈઓ હોવા છતાં ગુનેગારો ડરવાનું નામ લેતા નથી. ડ્રગ્સના વ્યસનથી યુવા પેઢી બચે તે માટે મા-બાપ ઉપરાંત શાળા-કોલેજના શિક્ષકોએ પણ સક્રિય થઈને યુવાનોમાં જાગૃતિ આવે એ માટે પ્રયત્ન કરવા પડશે. ગુજરાતના ભવિષ્યને બચાવવા માટે લાંબા ગાળાની યોજના બનાવવી પડશે એવું લાગે છે.

**-ડો. જે. એમ. નાયક, નવસારી**

## નવા લક્ષ્યો તરફનું પહેલું પગલું



દરેક નવો મહિનો જીવનમાં નવી આશાઓ, નવા વિચારો અને નવી તકો લઈને આવે છે. જુલાઈ મહિનો પણ એવો જ એક અવસર છે, જે આપણને અત્યાર સુધીની સફરનું મૂલ્યાંકન કરીને નવા લક્ષ્યો નક્કી કરવાની પ્રેરણા આપે છે. વર્ષનો અડધો સમય પૂર્ણ થઈ ગયો છે, તેથી હવે પોતાના સપનાઓ અને આયોજનને ફરી એકવાર યોગ્ય દિશા આપવાનો આ શ્રેષ્ઠ સમય છે.

ઘણા લોકો વર્ષના શરૂઆતમાં મોટા સંકલ્પો કરે છે, પરંતુ સમય જતાં વ્યસ્ત જીવનશૈલી અને વિવિધ પડકારોને કારણે તે લક્ષ્યો પાછળ રહી જાય છે. જુલાઈની શરૂઆત એ યાદ અપાવે છે કે સફળતા માટે ક્યારેય મોડું થતું નથી. જો ઈચ્છાશક્તિ મજબૂત હોય તો કોઈપણ દિવસ નવી શરૂઆત માટે યોગ્ય બની શકે છે.

નવા લક્ષ્યો નક્કી કરતી વખતે હંમેશા વાસ્તવિક અને સ્પષ્ટ આયોજન કરવું જોઈએ. મોટા લક્ષ્યોને નાના-નાના તબક્કામાં વહેંચવાથી તેને પ્રાપ્ત કરવું વધુ સરળ બને છે. દરરોજ થોડો સમય પોતાના વિકાસ માટે ફાળવવો, નવી કુશળતા શીખવી, સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું અને સકારાત્મક વિચારો અપનાવવાથી જીવનમાં ધીમે ધીમે મોટો બદલાવ જોવા મળે છે.જુલાઈનો મહિનો વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં નવી ઊર્જા સાથે આગળ વધવાનો સમય છે. નોકરીયાત લોકો માટે પોતાની કાર્યક્ષમતા વધારવાની અને નવા કૌશલ્યો વિકસાવવાની તક છે. વેપારીઓ માટે નવા આયોજન, ગ્રાહકો સાથે સારા સંબંધો અને વ્યવસાયના વિકાસ માટે નવી વ્યૂહરચના બનાવવાનો યોગ્ય સમય છે. દરેક વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં નાનાં પરંતુ સતત પ્રયત્નો કરીને મોટી સફળતા મેળવી શકે છે.

સકારાત્મક વિચારસરણી પણ સફળતાની મહત્વપૂર્ણ ચાવી છે. ભૂતકાળની નિષ્ફળતાઓને યાદ રાખવાને બદલે તેમાંથી શીખીને આગળ વધવું જોઈએ. દરેક નવો દિવસ અને દરેક નવો મહિનો આપણને કંઈક નવું કરવાની તક આપે છે. આત્મવિશ્વાસ, શિસ્ત અને સતત મહેનત જીવનને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી શકે છે.

આ જુલાઈમાં આપણે એક નક્કર સંકલ્પ કરીએ કે દરરોજ ગઈકાલ કરતાં થોડું વધુ સારું કામ કરીશું. નાના પ્રયાસો જ ભવિષ્યમાં મોટી સિદ્ધિઓનું કારણ બને છે. નવી શરૂઆતને ઉત્સાહ, આશા અને હકારાત્મક દૃષ્ટિકોણ સાથે સ્વીકારીને આપણે આપણા જીવનને વધુ સફળ, સુખી અને અર્થપૂર્ણ બનાવી શકીએ છીએ.

જુલાઈની આ નવી શરૂઆત માત્ર કેલેન્ડરમાં બદલાતી તારીખ નથી, પરંતુ જીવનમાં નવી દિશા, નવી પ્રેરણા અને નવા સપનાઓને સાકાર કરવાની એક સુંદર તક છે. આજે જ પહેલું પગલું ભરો અને તમારા લક્ષ્યો તરફ આત્મવિશ્વાસ સાથે આગળ વધો.

**- જયોતિ ઉત્પલ પંડયા, અતુલ**

## ચાલો પુસ્તક તરફ પાછા ફરીએ..!

હમણાં થોડા દિવસ પહેલાં જ 'રીડર્સ ડે' ઉજવાયો. પ્રશ્ન એ થાય છે કે ખરેખર આજના આ સમયમાં આ ઉજવણી સાર્થક છે ખરી ? કારણ કે પુસ્તકનું સ્થાન આજે તો મોબાઈલે લઈ લીધું છે. બધી જ માહિતી આજે તો મોબાઈલમાંથી મળી જાય છે. એટલે, પુસ્તકનું સ્થાન કેટલું ? આજે વાંચક કેટલા ?

કબાટમાં ભરાયેલા એક પુસ્તકે આત્મહત્યા કરી. જવાબદાર મોબાઈલને ગણાવ્યો.

શાળામાં ભણતા બાળકો પણ આજે તો ગુગલમાંથી સર્ચ કરીને માહિતી પ્રાપ્ત કરી લે છે. સૌ કોઈ મોબાઈલના ચૂંગલમાં ફસાયા છે. એટલે એમાંથી બહાર આવવું કઠિન તો છે જ. છતાં નામુમકિન પણ નથી. વિશ્વના અનેક દેશોએ શાળામાં બાળકો ઉપર પ્રતિબંધ મુકયો છે અને ૧૫ વર્ષના મોબાઈલ શાસન પછી પાછા પુસ્તક તરફ ફર્યા છે અરે! વિદેશમાં તો પાક્કા કદીને પણ પુસ્તક વાંચવાની સખ્યા પર આધારિત સજા ઓછી કરવામાં આવે છે. પહેલાં સમયમાં પુસ્તક વાંચન- આનંદ- જ્ઞાન સાથે મનોરંજન પુરુ પાડનાર સાધન ગણાતુ. સમયાંતરે બદલાવ આવતો ગયો. રેડિયો, ટીવી, મોબાઈલ વગેરે એ સ્થાન લીધુ. એટલે બિચારા પુસ્તકો હાંસિયામાં ધકેલાતા ગયા.

છતાં કેટલાક એનજીઓ સંસ્થા દ્વારા પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. જેમાં મીહનામાં એક રવિવારે આયોજન થાય. શહેરની કોઈ પ્રસિદ્ધ જગ્યાએ પુસ્તકો લઈ જઈ શકે તો વળી કેટલીક સંસ્થાઓ મને ગમતુ પુસ્તક, ઉપર વાર્તાલાપ યોજે જેથી કરી આ વાંચનની પ્રવૃત્તિને વગે મળે. એટલે હવે સમય આવી ગયા છે કે શાળામાં પણ વિદ્યાર્થીઓ, વધુમાં વધુ પ્રમાણમાં લાઈબ્રેરીના પુસ્તકનો ઉપયોગ કરે. જેથી કરીને એમને પોતાના વિષયનુ ટાન વધશે. તો સાથે સાથે શાળાઓમાં સંપૂર્ણપણે મોબાઈલ લાવવા પર પરતિબંધ મુકવો પડશે. ફ્રાંસ, ઓસ્ટ્રેલિયા, સ્વીડન આ દિશામાં આગળ વધી રહ્યાં છે. શરુઆતથી જ બાળકોને આ ટેવ પાડવી પડશે. કારણ કે સીધે સીધી માહિતી બાળક મોબાઈલમાંથી લઈ લશે તો એના જ્ઞાનમાં વૃદ્ધિ કયાંથી થશે. એટલે આપણા દેશે પણ આ પહેલ કરવી જ પડશે. એ જ સમયની માંગ છે.

ઉલ્લેખનીય છે કે આફ્રિકાના માજી રાષ્ટ્રીય પ્રમુખ નેલ્શન માંડલાએ પણ લાંબા જેલવાસમાં ઘણાંપુસ્તકો વાંચ્યા હતાં. આપણા દેશના આઝાદીના લડવૈયા અને આપણા પનોતા પુત્ર શહીદ ભગતસિંહે પણ જેલવાસ દરમ્યાન અસંખ્ય પુસ્તકો વાંચ્યા હતાં. પુસ્તક થકી જ જીવન ઘડતર થાય છે. એટલે નાના બાળકોને પણ ઘરથી જ, શાળામાંથી આ વાંચનના સંસ્કાર મળવા જોઈએ. જેથી એક સ્વસ્થ સમાનું ઘડતર થઈ શકે. એટલે મને એવુ લાગે છે કે હવે પુસ્તકની દુનિયામાં પાછા ફરવાનો સમય થયો ગયો છે.

**- શૈલેષ જરીવાલા, ઉદવાડા (આર.એસ.)**

**દમણગંગા ટાઇમ્સ**

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.** - સંપાદક

# અન્ય સમાચારો

આંધોળી-પેણધાની શિક્ષિકા દર્શના પટેલેની અનોખી સિદ્ધિ

## ધરમપુરની શિક્ષિકાએ માત્ર ૧૪ દિવસમાં વસ્તી ગણતરી પૂર્ણ કરી પ્રથમ ક્રમે સન્માન મેળવ્યું



**ધરમપુરના પ્રાંત અધિકારી અને મામલતદારે શિક્ષિકાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને પ્રામાણિકતાની કામગીરીને બિરદાવી : તા. ૩૦ જૂન સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની હતી પરંતુ માત્ર ૧૪ દિવસમાં ૨૨૧ મકાનો અને ૩૨૩ જનગણના ઘરોની કામગીરી પૂર્ણ કરી**





**ગૂગલ મેપ અને ગૂગલ અર્થ એપ્લિકેશનનો પણ ઉપયોગ કરી ગામની ગલીઓ, રસ્તાઓ, કૂવા, મંદિર વગેરેનો નકશો બનાવ્યો : લોકોને ૩૪ -ે પૂછવાના પણ તેની સામે લોકો અનેક -ે પૂછતા કે, શું કામ આવ્યા? અમને શું ફાયદો થશે? હજુ કેટલા -ે પૂછવાના છો?**

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૦૧ :** વર્ષ ૨૦૨૬માં યોજાયેલી વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાની ઘર યાદી અને મકાન ગણતરીની કામગીરીમાં શિક્ષકોએ મહત્વપૂર્ણ અને જવાબદારીપૂર્ણ ભૂમિકા ભજવી છે. શિક્ષકોની ફરજ પ્રત્યેની નિષ્ઠા, પ્રામાણિકતા અને સમાજ સાથેના સતત સંપર્કને કારણે તેઓ આ કામગીરી માટે સૌથી વિશ્વસનીય સાબિત થયા છે. જેના પરિણામે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આંધોળી - પેણધા પ્રાથમિક શાળાના શિક્ષિકા દર્શનાકુમારી રમણભાઈ પટેલે માત્ર ૧૪ દિવસમાં પોતાને સોંપાયેલી વસ્તી ગણતરીનું કામ પાર પાડી સિધ્ધિ મેળવતા ધરમપુરના પ્રાંત અધિકારી આર.સી. પટેલ દ્વારા તેમને ધરમપુર તાલુકામાં સૌથી ઝડપી વસ્તી ગણતરી પૂર્ણ કરવા અંગે પ્રથમ ક્રમાંકનું પ્રમાણપત્ર એનાયત કરી તેમની સેવાને બિરદાવી પ્રોત્સાહિત કરાયા છે. સચોટ વસ્તી ગણતરી એટલે સુઆયોજિત વિકાસની ખાતરી. વસ્તી ગણતરી કોઈપણ દેશના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. તેનાથી દેશ, રાજ્ય અને સ્થાનિક સ્તરે લોકોની વાસ્તવિક સ્થિતિ, સંખ્યા અને જરૂરિયાતોની માહિતી પ્રાપ્ત થાય છે. તાજેતરમાં સ્વંય વસ્તી ગણતરી પૂર્ણ થયા બાદ તા. ૧ જૂનથી શિક્ષકોને દરેક ગામ અને ઘરની જવાબદારી સોંપી પ્રથમ તબક્કાની વસ્તી ગણતરીની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હતી. જેમાં ધરમપુર તાલુકામાં પ્રથમ સ્થાને વસ્તી ગણતરી પૂર્ણ કર્યા અંગેનું બહુમાન મેળવનાર ધરમપુરના આંધોળી-પેણધા પ્રાથમિક શાળાના શિક્ષિકા દર્શના પટેલ જણાવે છે કે, વસ્તી ગણતરીનો લેખિત ઓર્ડર મને તા.૧ જૂન ૨૦૨૬ના દિવસે જરૂરી કીટ સાથે મને આપવામાં આવ્યો હતો.

જેમાં મને મારા વતન ખારવેલ ગામનો બ્લોક નં. ૦૧૦૨ ફાળવવામાં આવ્યો હતો. કીટ સાથે આપેલા મારા બ્લોકના સેટેલાઈટ નકશાનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. વધુ સમજવા માટે ગૂગલ મેપ અને ગૂગલ અર્થ એપ્લિકેશનનો પણ ઉપયોગ કરી વિસ્તારને વધુ સારી રીતે સમજ્યો હતો. ત્રણ જ દિવસમાં નકશો દોરી સુપરવાઈઝર સમક્ષ રજૂ કરવાનો હોવાથી ઝડપથી મકાન ગણતરી કરી લીધી હતી. ખારવેલ ગામ મારા માટે જાણીતું હોવા છતાં અનેક આંટાફેરા માર્યા બાદ ગલીઓ, રસ્તાઓ, કૂવા, મંદિર વગેરેનું સ્થાન ખ્યાલ આવ્યું હતું.

ધરમપુર તાલુકામાં સૌ પ્રથમ વસ્તી ગણતરીનું કામ પાર પાડવા અંગેનો શ્રેય પોતાના પતિને આપતા દર્શના પટેલ જણાવે છે કે, મારા પતિ આર્ટિસ્ટ છે, તેમણે નકશો બનાવવામાં ખૂબ જ મદદ કરી હતી. નકશો ફાઈનલ થયા બાદ ફિલ્ડમાં જઈ પડકારજનક કામ કરવાનું શરૂ કર્યુ હતુ. લોકો સમક્ષ અમારી વાત રજૂ કરવાની, ખરી મુશ્કેલી તો હવે ચાલુ થઈ હતી. શાળાની ફરજ નિભાવ્યા બાદ લોકોના ઘરે જઈએ એટલે પહેલો સવાલ પૂછતા કે, શું કામ આવ્યા? આ કામ કરવાથી અમને શું ફાયદો થશે?

૩૪ પ્રશ્નો હોવાથી લોકો કહેતા હજુ કેટલા પ્રશ્નો પૂછવાના છો, હજુ કેટલી વાર આવવાના છો આવા અનેક પ્રશ્નોનો રોજે રોજ ઘરે ઘરે જવાબ આપવો પડતો હતો પરંતુ અમને તાલીમ જ એવી આપવામાં આવી હતી કે, દરેક વ્યક્તિને શાંતિપૂર્ણ રીતે સંતોષકારક જવાબ આપી સૌથી ઝડપી કામગીરી પાર પાડવામાં સફળતા મળી હતી.

### દિવસે લોકો મળતા ન હતા, જેથી રાત્રે ૮ થી ૯ ઘરે ઘરે ફરી કામગીરી પાર પાડી

શિક્ષિકા દર્શના પટેલ કહે છે કે, સૌથી મોટો પ્રશ્ન સ્કૂલ છુટ્યા બાદ બપોરના સમયે લોકો મળતા ન હતા. બધા નોકરી ધંધા અર્થે બહાર હોવાથી ઘર બંધ રહેતા. ઘણા બધા ઘરોમાં પાળેલા શ્વાન ખુલ્લા ફરતા હોવાથી ઘરમાં કેમ્પસમાં જવાની બીક લાગતી. આ સાથે ઉનાળાની આકરી ગરમીનો તાપ સહન કરવો પડ્યો હતો. જે લોકો મળ્યા એમણે સલાહ આપી કે, તમે મોડેથી આવો તો લોકો નોકરી - ધંધાથી આવી જાય. એટલે પતિના સહયોગથી રાત્રે ૮ થી ૯ સુધી રોજ લોકોના ઘરે જઈ વસ્તી ગણતરી કરવાનું કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. આમ, તો વસ્તી ગણતરી પૂર્ણ કરવાની તા. ૩૦ જૂન ૨૦૨૬ હતી પરંતુ પરિવારના સહકારથી આ વસ્તી ગણતરીનું કામ તા.૧૪ જૂન ૨૦૨૬ ના રોજ પૂર્ણ કરી મારી ફરજ સુપેરે નિભાવી તેની મને ખુશી થઈ હતી. આ ૧૪ દિવસ રાત - દિવસ દરમિયાન કુલ ૨૨૧ મકાન અને ૩૨૩ જન ગણના ઘર સાથે વસ્તી ગણતરી કરી હતી.

### આ સન્માન વધુ સમર્પિત ભાવ સાથે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાની પ્રેરણા આપે છે: દર્શના પટેલ

ધરમપુર તાલુકામાં સમય મર્યાદા પહેલા માત્ર ૧૪ દિવસમાં જ આ અઘરી કામગીરી પૂર્ણ કરી પહેલા સ્થાન પર આવવા બદલ ધરમપુરના પ્રાંત અધિકારી આર.સી.પટેલ અને મામલતદાર હાર્દિક ધોળિયાના હસ્તે શિક્ષિકા દર્શનાબેનનું સન્માન કરવામાં આવ્યુ હતું. જે બદલ તેમણે ખુશીનો ભાવ વ્યક્ત કરતા જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા કરાયેલુ આ સન્માન મને વધુને વધુ સમર્પિત ભાવ સાથે પોતાની ફરજ નિષ્ઠા અને પ્રામાણિકતા સાથે બજાવવાની પ્રેરણા પુરી પાડે છે. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનુ છું.

## ધરમપુરમાં વરસાદના આગમન સાથે ધરતીપુત્રો વાવણીના કામમાં જોતરાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** ધરમપુર તાલુકામાં લાંબી રાહ બાદ આજરોજ મેઘરાજાએ જોરદાર એન્ટ્રી કરતાં સિઝનનો પ્રથમ નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. સામાન્ય રીતે ૧થી ૧૫ જૂન દરમિયાન વરસાદની શરૂઆત થતી હોય છે.

પરંતુ આ વર્ષે વિલંબ થતાં આજરોજ ૩૦ જૂને વરસાદનું આગમન થયું હતું. જૂન મહિનાની ૩૦મી તારીખ સુધી તાલુકામાં માત્ર ૧૯ મીમી વરસાદ નોંધાયો હતો. જોકે આજે એક જ દિવસમાં ૭૦ મીમી પોણા ત્રણ ઈંચ વરસાદ વરસતા મોસમનો કુલ વરસાદ ૮૯ મીમી થયો હતો.

વરસાદના કારણે સમગ્ર તાલુકામાં ઠંડક પ્રસરી જતાં છેલ્લા એક મહિનાથી ગરમીથી પરેશાન લોકો અને ખેડૂતોને રાહતનો અનુભવ થયો હતો.

વરસાદના આગમનને લઈ તાલુકાના અનેક વિસ્તારોમાં ખેડૂતો ડાંગર, નાગલી અને કઠોળ જેવા પાકોની વાવણીમાં જોડાઈ ગયા હતા. વરસાદના આગમનથી ખેડૂતોના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

ધરમપુર તાલુકાની ખેતી મુખ્યત્વે ડાંગર પર આધારિત છે, જ્યારે નાગલી અને કઠોળના પાકનું પણ મોટા પ્રમાણમાં ઉત્પાદન થતું હોવાથી ચિંતાતુર બનેલા ખેડૂતોમાં જીવ આવ્યો હતો.

## વઘઈ-સાપુતારા માર્ગ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત : એક ઈજાગ્રત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**સાપુતારા, તા. ૦૧ :** ડાંગ જિલ્લાનાં વઘઈ-સાપુતારા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર બાજ ગામ નજીક આવેલા વળાંક પર આજે કાર અને મોટરસાયકલ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલકને માથા અને કાનના ભાગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે બંને વાહનોને ભારે નુકસાન થયુ હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત તરફથી કંપનીના પ્રોડક્ટના પ્રચાર-પ્રસાર માટે નાસિક તરફ જઈ રહેલી કાર (નં. GJ-05-JQ-0149) બાજ ગામ નજીકથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન સામેથી રાજસ્થાનનો એક યુવક પોતાની મોટરસાયકલ (નં. RJ-33-QA-5800) પર પ્લાસ્ટિકની ખુરશીઓ બાંધીને કથિત રીતે રોંગ સાઈડમાં આવી રહ્યો હતો. આ દરમિયાન મોટરસાયકલ કારના બોનેટ સાથે જોરદાર અથડાતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મોટરસાયકલ અને કારને ભારે નુકસાન થયુ હતું. આ બનાવમાં બાઈકચાલકને કાન તેમજ માથાના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચતાં સ્થાનિકોએ તાત્કાલિક મદદ કરી હતી. ત્યારબાદ ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર માટે વઘઈ સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતાં. આ ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## વલસાડની મેડિકલ કોલેજમાં નમો સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

**વલસાડ, તા. ૦૧ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧ જુલાઈથી તા.૭ જુલાઈ ૨૦૨૬ સુધી ''નમો સ્વચ્છતા અભિયાન''નો પ્રારંભ થનાર છે. જે અંતર્ગત વલસાડ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાનના પ્રારંભના ભાગરૂપે વલસાડની મેડિકલ કોલેજ હોસ્પિટલના ઓડિટોરીયમમાં તા. ૧ જુલાઈના રોજ સવારે ૮-૩૦ કલાકે અભિયાનના શુભારંભનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં અતિથી વિશેષ તરીકે લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ સહિતના અધિકારી-પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## રાતામાં ઊંડા કુવામાંથી સાપનું રેસ્કયુ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપીના રાતા ગામ ખાતે જૈન મંદિર નજીક આવેલા આશરે ૫૦ ફૂટ ઊંડા કૂવાની સફાઈ દરમિયાન એક સાપ દેખાતા મજૂરોમાં ચિંતા ફેલાઈ હતી. કૂવાની દિવાલની તિરાડમાં સાપ છુપાયેલો જોવા મળતા સલામતીના ભાગરૂપે સફાઈનું કામ તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યું હતું.બનાવ અંગે વાપીમાં કાર્યરત વાપી એનિમલ રેસ્ક્યૂ ટીમને જાણ કરવામાં આવતા ટીમના સભ્યો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. રેસ્ક્યૂ શરૂ કરતા પહેલાં ટીમે કૂવામાં ઝેરી ગેસની હાજરી છે કે નહીં તેમજ કૂવાની દિવાલ સલામત છે કે નહીં તેની સંપૂર્ણ તપાસ કરી હતી. આ પ્રસંગે વાપી એનિમલ રેસ્ક્યૂ ટીમના સંચાલક વર્ધમાન શાહએ ચોમાસા દરમિયાન સાપ સાથેના સંભવિત સંપર્કથી બચવા માટે નાગરિકોને મહત્વપૂર્ણ સૂચનો આપ્યા હતા. તેમણે જણાવ્યું કે બહાર નીકળતી વખતે શક્ય હોય ત્યાં સુધી શૂઝ પહેરવા, રાત્રે અંધારાવાળી જગ્યાએ ટોર્ચનો ઉપયોગ કરવો, વાહનો સુરક્ષિત સ્થળે પાર્ક કરવા તેમજ ઘર અને આસપાસનો કચરો તથા બિનઉપયોગી વસ્તુઓ દૂર રાખવી જોઈએ. જો ક્યાંય સાપ દેખાય તો ગભરાવાની કે તેને મારવાનો -યાસ કરવાની જરૂર નથી, પરંતુ તાત્કાલિક રેસ્ક્યૂ ટીમ અથવા વન વિભાગનો સંપર્ક કરવો જોઈએ.

## વાપી મનપાના પાણી વિભાગના વાલમેન વસંતભાઈ પટેલનો વિદાય કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપી મહાનગરપાલિકાના પાણી વિભાગમાં વાલમેન તરીકે ફરજ બજાવતા વસંતભાઈ નવલાભાઈ પટેલ તા.૩૦-૬-૨૦૨૬ને મંગળવારના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેનો વાપી મહાનગરપાલિકાના પાણી વિભાગની કચેરીમાં નિવૃત્તિ વિદાય કાર્યક્રમનું આયોજન વાપી મનપાના સેક્રેટરી રિતેશભાઈ વાણંદની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે પાણી વિભાગના હાઈડ્રોલિક ઈજનેર સંજયભાઈ ઝા, ટેક્સ વિભાગના મુખ્ય અધિકારી રાકેશભાઈ ઠક્કર, નિલેશભાઈ, વિનોદભાઈ, જીતુભાઈ તેમજ પાણી વિભાગના ઈજનેરો અને અન્ય કર્મચારીગણો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે સંજયભાઈ ઝા દ્વારા જણાવાયું હતું કે પાણી વિભાગમાં વાલમેન તરીકે વસંતભાઈ નવલાભાઈ પટેલ તા.૧/૯/૧૯૯૬ના રોજ જોડાયા હતાં અને આજે સતત ૩૦ વર્ષ સુધી નગરપાલિકા અને મહાનગરપાલિકામાં તેઓએ પોતાની નિષ્ઠાવાન, વફાદાર અને પસંદગી સેવા આપી હતી અને આજે વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેઓને સાલ ઓઢાડી, ગુલદસ્તો આપી વિદાય આપવામાં આવી હતી. સાથે તેમનું નિવૃત્ત જીવન સુખમય અને આનંદમય વિતે તેવી શુભકામનાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે મનપાના સેક્રેટરી રિતેશભાઈએ અગાઉ પાણી ખાતામાં ફરજ બજાવતા સ્વ.ઝીણાભાઈ પટેલને યાદ કર્યા હતાં અને જણાવ્યું હતું કે નગરપાલિકાના સમયમાં અગાઉ પાણી ખાતામાં વસંતભાઈ અને ઝીણાભાઈ પટેલ બંને એક સરખા જ હોય ઘણી વખત ઝીણાભાઈને વસંતભાઈ અને વસંતભાઈને ઝીણાભાઈ તરીકે તેઓ બોલાવતા હતાં. આ પ્રસંગે તેમની સાથે તેમના ધર્મપત્ની મીરાબેન પટેલ, પુત્ર ઉમેશભાઈ તેમજ પુત્રવધુ અને પૌત્રો સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વલસાડમાં સંચારી રોગચાળા અટકાયત માટે વિવિધ કમિટીની બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ જિલ્લા સંચારી રોગચાળા અટકાયત માટે જિલ્લા રોગચાળા અટકાયત અને સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં મળી હતી. આ સાથે તમાકુ નિયંત્રણ કમિટીની જિલ્લા સ્ટીયરીંગ કમિટીની બેઠક, નેશનલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થની બેઠક, સિકલસેલ, થેલેસેમિયા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા સંકલન સમિતિની બેઠક સહિત કુલ ૮ બેઠકો પણ મળી હતી. જેમાં જિલ્લા કલેકટરએ જિલ્લામાં પ્રજાના સ્વાસ્થ્ય અને સુચારૂ કામગીરી અંગે અમલીકરણ અધિકારીઓને વિવિધ સૂચનો કર્યા હતાં.

જિલ્લા કલેકટર નીતિન સાંગવાને પાણી જન્ય રોગચાળા, વાહકજન્ય રોગચાળા અને લેપ્ટોસ્પાયરોસીસ રોગચાળા અંગે ચર્ચા કરી થયેલી કામગીરીની સમીક્ષા કરી વધુ અસરકારક કામગીરી માટે દિશાનિર્દેશ આપ્યા હતાં. તમાકુ નિયંત્રણ કમિટીની બેઠકમાં ધુમ્રપાન નિષેધ નિયમભંગ માટે કાર્યવાહીની ચર્ચા અને માસિક રિપોર્ટની ચર્ચા વેળા કલેકટર નીતિન સાંગવાને શૈક્ષણિક સંકુલોની આસપાસ તમાકુનું વેચાણ ન થાય તે માટે કડક રીતે દંડનીય કાર્યવાહી કરવા માટે જણાવ્યું હતું. જે અંગે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.મનોજ પટેલે અસરકારક કામગીરી અંગે ખાતરી આપી હતી. આ સિવાય નેશનલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થની માહિતી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ટીબી ફોરમ અંગેની બેઠકમાં સર્વેલન્સ અંગે તેમજ ટીબીના દર્દઓને કીટ કેવી રીતે પહોંચતી કરવામાં આવે છે તે અંગે સમીક્ષા કરાઈ હતી. જે અંગે ઈન્ચાર્જ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.પી. સિંઘે કલેકટરને પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી.

જિલ્લાના તમામ સરકારી આરોગ્ય કેન્દ્ર પીએચસી, સીએચસી, સબ સેન્ટરો અને અર્બન હેલ્થ સેન્ટરોના એનક્યુએએસ પ્રમાણપત્ર અંગે ઈન્ચાર્જ ક્યુએમઓ અને જિલ્લા મલેરીયા અધિકારી ડો. વિરેન પટેલે કલેકટરને માહિતી પુરી પાડી હતી. આ સિવાય સરકારી દવાખાના માટે જરૂરી જગ્યા ફાળવવા અંગે પણ ચર્ચા થઈ હતી. જિલ્લામાં ૧૫માં નાણાં પંચ અંતર્ગત ગ્રાંટની ફાળવણી અને પલ્સ પોલિયો અભિયાન અંગે ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંઘે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પ્રોબેશન આઈએએસ પિયુષ ઘટાલા, સિવિલ સર્જન ડો. ભાવેશ ગોયાણી, જિલ્લા રક્તપિત કચેરીના મેડિકલ ઓફિસર સંજયકુમાર અને તમામ તાલુકાના હેલ્થ ઓફિસરો તેમજ આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વલસાડમાં કોલેજ રોડ પર બેફામ દોડતી સ્કોર્પિયો હોસ્ટેલના કમ્પાઉન્ડમાં ઘૂસી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** શહેરમાં લફંગા અને નબીરાઓ દ્વારા બેફામ ગાડીઓ હંકારીને અકસ્માત સર્જવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આવી જ એક ઘટના વલસાડના જાણીતા કોલેજ રોડ પર સામે આવી છે, જ્યાં એક કાળા રંગની સ્કોર્પિયો કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર રોડની બાજુમાં આવેલી એક હોસ્ટેલના કમ્પાઉન્ડમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માતને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. કારમાં બેથી ત્રણ જેટલા નબીરાઓ સવાર હતાં. આ યુવકો પોતાના ઘરે કોઈને પણ કહ્યા વગર સ્કોર્પિયો કાર લઈને રખડવા નીકળ્યા હોવાનું જાણવા મળ્યું છે. કોલેજ રોડ પર કારની ગતિ એટલે વધુ હોવાથી તાર બે કાબુ બની તે સીધી હોસ્ટેલની દીવાલ કમ્પાઉન્ડમાં ઘૂસી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ હોસ્ટેલની મિલકતને નુકસાન પહોંચ્યું છે. ઘટના બાદ ત્રણ નબીરા ગાયબ થઈ ગયા હતાં. સ્થાનિક લોકોએ જણાવ્યું કે અકસ્માત સમયે કાર પર કોઈ નંબર પ્લેટ દેખાતી ન હોવાથી રહસ્ય સર્જાયું હતું. જો કે, તપાસ દરમિયાન આ કાળા રંગની સ્કોર્પિયો કાર માંથી નંબર GJ 15 CR 3388ની નંબર પ્લેટ અંદરથી મળી આવી હોવાનું બહાર આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતાં. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો માંગ કરી રહ્યા છે કે આવા નબીરાઓ સામે વલસાડ પોલીસ કડકમાં કડક કાર્યવાહી કરે જેથી ભવિષ્યમાં કોઈ નિર્દોષનો જીવ જોખમમાં ન મુકાય. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## વલસાડમાં લક્ષ્મી પેટ્રોલ પંપ પર આગ

### રિફિલિંગ સમયે શોર્ટસર્કિટથી આગ લાગી : ફાયર બ્રિગેડની સતર્કતાથી મોટી હોનારત ટળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડના કલ્યાણ બાગ નજીક આવેલા લક્ષ્મી પેટ્રોલિયમ) પર ગત રાત્રે એક ટેન્કરમાંથી અંડરગ્રાઉન્ડ ટેન્કમાં પેટ્રોલ રિફિલ કરતી વખતે અંદરની મોટરમાં શોટસર્કિટ થતાં આગ લાગવાની ઘટના બનતા ફાયરની ટીમ તાત્કાલિક દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવતા આજુબાજુના દુકાનદારો અને રહીશોને મોટી રાહત મળી છે. વલસાડના કલ્યાણ બાગ નજીક આવેલા લક્ષ્મી પેટ્રોલિયમ પર ગત રાત્રે એક ટેન્કરમાંથી અંડરગ્રાઉન્ડ ટેન્કમાં પેટ્રોલ રિફિલિંગ પ્રક્રિયા દરમિયાન ત્યાં મૂકવામાં આવેલી મોટરમાં અચાનક શોર્ટસર્કિટ થતાં જોતજોતામાં ભીષણ આગ ફાટી નીકળી હતી. પેટ્રોલપંપ પર આગ દેખાતા ફરજ પરના હાજર કર્મચારીઓ અને સ્થાનિક લોકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. પેટ્રોલ પંપના સતર્ક કર્મચારીઓ નજીકમાં આવેલા પેટ્રોલ પંપની બિલકુલ સામે જ વલસાડ નગરપાલિકાનું ફાયર સ્ટેશન પર કર્મચારીઓ તાત્કાલિક દોડીને ફાયર ફાઈટરની ટીમ પાસે પહોંચી ઘટનાની જાણ કરી હતી.

ફાયર ઓફિસર લલિત પરમાર અને તેમની ટીમ ફાયર ટીમ તાત્કાલિક ABC ફાયર એક્સ્ટિંગ્યુસર અને ફાયર ફાઈટરની ગાડી સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરની ટીમે ભારે જહેમત બાદ આગ વધુ ફેલાય તે પહેલાં જ સંપૂર્ણપણે કાબૂમાં લઈ લીધી હતી.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 02, July 2026

## જી-સાત દેશોનું સાર્થક મહત્ત્વ

વિશ્વના બદલાતા જતા રાજદ્વારી સમીકરણો અને નાના કે મોટા સંઘર્ષના સમયમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ જેવી વૈશ્વિક સંસ્થા તેની ઉપયોગિતા ગુમાવી રહી છે ત્યારે સહકાર અને વિકાસ માટે વિવિધ સમૂહો હવે અસરકારક સાબિત થઈ રહ્યા છે. આર્થિક, લશ્કરી અને -ાદેશિક સ્તરે વગદાર એવા દેશોના નાના-નાના સમૂહો જે રીતે સક્રિય બન્યા છે તેનાથી સંયુક્ત રાષ્ટ્ર સંઘની નબળાઈને ભરપાઈ કરવામાં મદદ મળી રહી હોવાની પ્રતીતિ થઈ રહી છે. તાજેતરમાં ફ્રાંસના એવિયન ખાતે મળેલી જી-સાત દેશોના સમૂહની શિખર બેઠકમાં વૈશ્વિક પડકારોને પહોંચી વળવાની નક્કર પ્રતિબદ્ધતા આકાર લઈ શકી હતી. ફ્રાંસના અધ્યક્ષપદે યોજાયેલી આ શિખર બેઠકમાં જી-સાતના સમૂહના અન્ય સભ્ય દેશો કેનેડા, જર્મની, ઈટાલી, જાપાન, યુકે અને અમેરિકા સામેલ થયા હતા. આમાં મહત્ત્વની બાબત એ હતી કે, જી -સાત પ્લસમાં સમાવિષ્ટ ભારત, બ્રાઝિલ, ઈજિપ્ત, કેન્યા અને દક્ષિણ કોરિયા પણ શિખર સમેલનમાં જોડાયા હતા. આ ઉપરાંત યુક્રેન, યુએઈ અને કતારના નેતાઓને પણ તેમનો મત વ્યકત કરવા આમંત્રણ અપાયું હતું. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ સતત સાતમી જી-સાત શિખર બેઠક હતી. આ વખતે જી-સાત પ્લસમાં ભારતે આરોગ્ય અને ડિજિટલ ટેકનોલોજીના મામલે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ શિખર સંમેલનમાં નવ ઘોષણાઓનો સ્વીકાર કર્યો હતો, જેમાં યુક્રેનની સલામતી, ઊર્જાના માળખાનાં જતન અને પ્રાદેશિક અખંડિતતાની જાળવણીના મામલામાં એકતા સાથે સંકલપ વ્યક્ત કરાયો હતો. આ શિખરમાં ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલા કરારને આવકારીને હોર્મુઝની ખાડીને કોઈ ટેલ કે અંતરાય વગર ચાલુ રાખવાની જરૂરતનો પુનરોચ્ચાર કરાયો હતો. મહત્ત્વની બાબત એ છે કે, ડિજિટલ ટેકનોલોજી અને એઆઈ પર ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ બાદ જી-સાત પ્લસના નેતાઓએ બાળકોની ઓનલાઈન સલામતી સુધારવા સર્વસંમતિ વ્યક્ત કરી હતી. જી-સાત પ્લસના સભ્ય દેશોએ એઆઈના સલામત અને લાભદાયક ઉપયોગને ઉત્તેજન આપવા વિશ્વની ટોચની કંપનીઓની સાથે મળીને કામ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. જે રીતે જી-સાત સમૂહમાં ફ્રાંસનું નેતૃત્વ અસરકારક બની રહ્યંક્ક છે તે જોતાં આગામી સમયમાં આ સમૂહની અન્ય બેઠકો દુનિયા માટે ઉપયાગી બની રહેશે. સાથોસાથ જી-૨૦ના અધ્યક્ષ તરીકે અમેરિકાની ભૂમિકા અને બ્રિક્સના અક્ષપદે ભારતની સામેલગીરીથી જી-સાતને વધુ સફળતા મળશે એવી અપેક્ષા દુનિયાના દેશો રાખી રહ્યા છે. વર્તમાન વૈશ્વિક પરિદ્દશ્યમાં ચીનનો આક્રમક વિસ્તારવાદ અને રશિયાના સૈન્ય વલણોને કારણે લોકશાહી મૂલ્યો જોખમમાં મુકાયાં છે, ત્યારે જી-સાતની જવાબદારી સ્વાભાવિક જ વધી છે. ભારત ભલે જી-સાતનો કાયમી સભ્ય નથી, પરંતુ તેની વધતી આર્થિક અને વ્યૂહાત્મક તાકાતને કારણે તેને સતત આઉટરીચ પાર્ટનર તરીકે આમંત્રિત કરવામાં આવે છે જે દર્શાવે છે કે, ગ્લોબલ સાઉથ (વિકાસશીલ દેશો)ના સહકાર વિના જી-સાતના નિર્ણયો પણ અધૂરાં છે.

## અયોધ્યા રામ મંદિરમાં નોકરી માટે પણ કમિશનખોરી?

(સંપૂર્ણ સમાચાર સેવા)
અયોધ્યા, તા.૧ : અયોધ્યાના રામ મંદિરના દાનના નાણાંમાં થયેલી કથિત ચોરી અને ગેરરીતિના કેસમાં તપાસ આગળ વધતા પૂર્વ ટ્રસ્ટી અનિલ મિશ્રાની મુશ્કેલીઓ વધી રહી છે. કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ને શંકા છે કે મંદિરમાં થયેલી કર્મચારીઓની ભરતીમાં પણ ગેરરીતિ થઈ હોઈ શકે છે. તપાસમાં સામે આવ્યું છે કે લગભગ ૧૨૫ કર્મચારીઓને અનિલ મિશ્રાની ભલામણના આધારે નોકરી આપવામાં આવી હતી. હવે તપાસ એ દિશામાં પણ ચાલી રહી છે કે શું નોકરી અપાવવાના બદલામાં કમિશન અથવા લાંચ લેવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, આ ૧૨૫ કર્મચારીઓમાં અનિલ મિશ્રાના કેટલાક સંબંધીઓનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ, ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને અનિલ મિશ્રાએ તાજેતરમાં જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. SIT બંનેની અગાઉ પૂછપરછ પણ કરી ચૂકી છે. તપાસ દરમિયાન અનિલ મિશ્રાની આવક અને સંપત્તિની પણ તપાસ કરવામાં આવી રહી છે. ટ્રસ્ટી બન્યા બાદ તેમની સંપત્તિમાં કેટલો વધારો થયો તેની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આ કેસમાં ઝડપાયેલા અનુકલ્પ અને લવકુશ નામના બે આરોપીઓ પણ અનિલ મિશ્રાના સંબંધીઓ હોવાનું સામે આવ્યું છે.

પોલીસ અત્યાર સુધીમાં આ કેસમાં આઠ આરોપીઓની ધરપકડ કરી ચૂકી છે. ઝઝ્ઞ્ફ ફૂટેજના આધારે તેમની ઓળખ થઈ હતી. પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે દાનની ગણતરી થતા રૂમની એક ચાવી આરોપી ટિન્નુ યાદવ પાસે હતી. જ્યારે બીજી ચાવી બેંક અધિકારીઓ પાસે રહેતી હતી. આરોપ છે કે કેટલાક બેંક કર્મચારીઓની સાંઠગાંઠથી દાનના નાણાંની હેરાફેરી કરવામાં આવતી હતી.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર બસ-ટ્રેલર વચ્ચે અકસ્માત, ૭ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧
દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ એક કાળજું કંપાવી દેનારો માર્ગ અકસ્માત સર્જાયો છે. હરિદ્વારથી ઈન્દોર જઈ રહેલી એક મુસાફરોથી ભરેલી બસ બેકાબૂ થઈને ટ્રેલર (ટ્રક) સાથે અથડાઈ હતી અને જોતજોતામાં તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ દર્દનાક દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૭ થઈ ગયો છે, જ્યારે ૨૨ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. બસમાં કુલ ૩૭ મુસાફરો સવાર હોવાનું જાણવા મળ્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે ૨:૩૦ વાગ્યે કોલવા પોલીસ સ્ટેશન વિસ્તાર નજીક આ અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે આગ મિનિટોમાં જ આખી બસમાં ફેલાઈ ગઈ હતી અને બસનો મોટો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.એડિશનલ એસપી યોગેન્દ્ર ફોજદારે જણાવ્યું કે, આ દુર્ઘટના એક્સપ્રેસવે પર આવેલા રેસ્ટ એરિયા પાસે થઈ હતી. શરૂઆતની માહિતીમાં ૨ લોકોના મોત અને ૧૭ લોકો ઈજાગ્રસ્ત હોવાની આશંકા હતી, પરંતુ બાદમાં ૬ મૃતદેહોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ, સારવાર દરમિયાન ડૉક્ટરોએ વધુ એક મુસાફરના મોતની પુષ્ટિ કરતાં કુલ મૃત્યુઆંક ૭ પર પહોંચ્યો છે. દૌસાના એસપી પીયૂષ દીક્ષિત પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને રાહત તેમજ બચાવ કામગીરીની જાતે દેખરેખ રાખી રહ્યા છે.

# ગુજરાતના ૧.૮૯ કરોડ બાળકોનો હેલ્થ પાસપોર્ટ બનશે




### જન્મથી ૧૮ વર્ષ સુધીની સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રી, પોષણનું સ્તર અને બીમારીઓનું ટ્રેકિંગ હવે એક જ ડોક્યુમેન્ટમાં; રાજ્યની ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમો કરશે કામગીરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૧ :સ્વસ્થ ભારત ના નિર્માણ માટે સ્વસ્થ બાળપણ ને મૂળભૂત આધાર ગણીને ગુજરાત સરકારે બાળકોના આરોગ્યલક્ષી ભવિષ્ય માટે એક અનોખી અને ઐતિહાસિક પહેલ હાથ ધરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના ૦ થી ૧૮ વર્ષની વયના તમામ બાળકો માટે વિશેષ હેલ્થ પાસપોર્ટ બનાવવાનો નિર્ણય લેવાયો છે. ગત ૨૭ જૂન, ૨૦૨૬ ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા મુખ્યમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં આ મહત્વાકાંક્ષી રાજ્યવ્યાપી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના આશરે ૧.૮૯ કરોડ બાળકોની મેડિકલ હિસ્ટ્રી અને સ્વાસ્થ્યની તમામ વિગતો એક જ દસ્તાવેજમાં સુરક્ષિત રાખવામાં આવશે.

સ્કૂલ હેલ્થ – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (SH-RBSK) અંતર્ગત હાલમાં રાજ્યમાં ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમો કાર્યરત છે, જે દર વર્ષે આશરે ૧.૮૯ કરોડ બાળકોનું ચેકઅપ કરે છે. અગાઉ આ હેલ્થ ચેકઅપનો ડેટા માત્ર ડિજિટલ પોર્ટલ પર જ ઉપલબ્ધ રહેતો હતો, પરંતુ હવે વાલીઓ અને બાળકોને એક ફિઝિકલ હેલ્થ પાસપોર્ટ પણ આપવામાં આવશે.

વાલીઓની સુવિધા માટે આ પ્રક્રિયા એકદમ સરળ રાખવામાં આવી છે. આ પાસપોર્ટ બનાવવા માટે માતા-પિતાએ કોઈ જ વધારાના દસ્તાવેજો રજૂ કરવાની જરૂર રહેશે નહીં.

આંગણવાડી, શાળા, મદરેસા, ગુરુકુળ અને સ્પેશિયલ સ્કૂલોમાં આરોગ્ય ટીમો દ્વારા હેલ્થ સ્ક્રીનિંગ અને ડિજિટલ ડેટા એન્ટ્રી થયા બાદ તરત જ સ્થળ પર જ બાળકને આ પાસપોર્ટ સોંપી દેવામાં આવશે.

આ કોઈ સામાન્ય હેલ્થ કાર્ડ નથી, પરંતુ બાળકની પર્સનલ મેડિકલ હિસ્ટ્રી રજૂ કરતો એક માસ્ટર દસ્તાવેજ (Master Document) છે. તેમાં SH-RBSK અંતર્ગત આવરી લેવાયેલી ચાર મુખ્ય કેટેગરી (4D) નું સંપૂર્ણ અપડેટ હશે:

Defects at birth (જન્મજાત ખામીઓ)
Diseases (બીમારીઓ)
Deficiencies (પોષણની ઉણપ)
Developmental delays (વિકાસમાં વિલંબ અથવા વિકલાંગતા)

આ ઉપરાંત, બાળકની શારીરિક અને માનસિક વૃદ્ધિ, પોષણનું સ્તર, રેફરલ સર્વિસીસ, સ્વાસ્થ્ય સંબંધિત ટિપ્સ, જીવનશૈલી અંગેની સલાહ તથા ઈમરજન્સી હેલ્પલાઇન નંબર્સ પણ આ પાસપોર્ટમાં સામેલ હશે. સરળ શબ્દોમાં કહીએ તો, પરિવારને બાળકના સ્વાસ્થ્ય સાથે જોડાયેલી દરેક નાની-મોટી માહિતી હવે એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે.

સરળતા ખાતર હેલ્થ પાસપોર્ટને દર વર્ષે રિન્યૂ કરવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. ૫ વર્ષ સુધીના અને શાળાએ ન જતા બાળકોના પાસપોર્ટને સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ના મેડિકલ ઓફિસર દ્વારા રિન્યૂ કરવામાં આવશે. જ્યારે, શાળાએ જતા વિદ્યાર્થીઓનું કાર્ડ જે-તે શાળાના આચાર્ય (Principal) દ્વારા રિન્યૂ કરાશે.આ પહેલની સૌથી મોટી વિશેષતા તેનું ડિજિટલ ઈન્ટિગ્રેશન છે. ફિઝિકલ પાસપોર્ટને SH-RBSK ડિજિટલ પોર્ટલ સાથે સંપૂર્ણ રીતે લિંક કરવામાં આવશે. જો કોઈ કારણોસર ફિઝિકલ હેલ્થ પાસપોર્ટ ખોવાઈ જાય કે ફાટી જાય, તો મોબાઈલ હેલ્થ ટીમની મદદથી નવો પાસપોર્ટ આસાનીથી મેળવી શકાશે.

## દેશમાં FIR થી લઈ ચાર્જશીટ સુધી બધુ જ ઓનલાઈન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : દેશમાં ત્રણ નવા કાયદા લાગુ થયાના બે વર્ષ પૂર્ણ થવા પર ગૃહ મંત્રાલયે ઈલેક્ટ્રોનિક એવિડન્સ ઈન્વેસ્ટિગેશન પર મોટો નિર્ણય લીધો છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭ થી દેશભરમાં પોલીસ દ્વારા ડિજિટલ ઈન્વેસ્ટિગેશનની વ્યવસ્થા કરવામાં આવશે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરમાં ત્રણ નવા કાયદા લાગુ થયા બાદ ન્યાયિક પ્રણાલીમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે.

દેશમાં ત્રણ નવા કાયદા લાગુ થયાના બે વર્ષ પૂર્ણ થવા પર ગૃહ મંત્રાલયે ઈલેક્ટ્રોનિક એવિડન્સ ઈન્વેસ્ટિગેશન પર મોટો નિર્ણય લીધો છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭ થી દેશભરમાં પોલીસ દ્વારા ડિજિટલ ઈન્વેસ્ટિગેશનની વ્યવસ્થા કરવામાં આવશે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરમાં ત્રણ નવા કાયદા લાગુ થયા બાદ ન્યાયિક પ્રણાલીમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે.

૧ જાન્યુઆરી ૨૦૨૭ થી દેશભરના સંબંધિત પોલીસ સ્ટેશનોમાં આનું ઈલેક્ટ્રોનિક રેકોર્ડ રાખવામાં આવશે. કેસમાં આ ઈલેક્ટ્રોનિક ડિજિટલ ઈન્વેસ્ટિગેશન એફઆઈઆર (FIR) નોંધવાર્થી લઈને ચાર્જશીટ દાખલ કરવા સુધી રહેશે.

ઉલ્લેખનીય છે કે દેશમાં ૧ જુલાઈ ૨૦૨૪ ના રોજ ત્રણ નવા ફોજદારી કાયદા - ભારતીય ન્યાય સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (BSA) લાગુ કરવામાં આવ્યા હતા. ૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ આ કાયદાઓએ સફળતાપૂર્વક બે વર્ષ પૂર્ણ કર્યા છે. આ કાયદાઓએ અંગ્રેજોના સમયના IPC, CrPC અને Evidence Act નું સ્થાન લીધું છે.નવા કાયદા લાગુ કરવામાં આ રાજ્યો ટોપ પરઃ નવા કાયદા લાગુ થયાના બે વર્ષ બાદ હરિયાણા, ગોવા, આસામ, ચંદીગઢ અને પંજાબ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યો છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવા કાયદા આવ્યા બાદ કેસની તપાસનો સરેરાશ સમય ૨૫ ટકા જેટલો ઘટી ગયો છે. હવે ખૂબ જ સરળતાથી 'ઝીરો એફઆઈઆર' નોંધવામાં આવી રહી છે અને મોટાભાગની એફઆઈઆર ડિજિટલ માધ્યમથી થઈ રહી છે.

## ઈરાનના વિદેશ મંત્રીની ટ્રમ્પને ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૧ : ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને લઈને એક અત્યંત કડક અને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે ચેતવણી આપી છે કે, ટ્રમ્પે તેલ અવીવ (ઈઝરાયલ)માં પોતાના સહયોગીઓને નિયંત્રિત કરવા જોઈએ. ઈરાનના લોકો અને નેતૃત્વ વિરુદ્ધ કોઈપણ પ્રકારના જોખમનો તાત્કાલિક અને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

અરાઘચીએ વધુમાં જણાવ્યું કે, જો આ સહયોગીઓ તેમના માલિક (અમેરિકા)નું નહીં માને, તો ઈરાન તેમને પાઠ ભણાવવા માટે સંપૂર્ણ તૈયાર છે. તેમણે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, દેશ પોતાની સુરક્ષા અને સાર્વભૌમત્વના મામલામાં કોઈપણ પ્રકારનું દબાણ સહન કરશે નહીં. ઈરાની વિદેશ મંત્રીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે આ ક્ષેત્રમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે સતત નિવેદનબાજી ચાલી રહી છે, જેનાથી તણાવ વધુ વધવાની આશંકા સેવાઈ રહી છે.

આ જંગને ખતમ કરવા અને પ્રારંભિક ડીલ લાગુ કરવા અંગેની ચર્ચા માટે અમેરિકાના ૨ ખાસ દૂત મંગળવારે કતાર પહોંચ્યા છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને તેમના જમાઈ જેરેડ કુશનરનો આ પ્રવાસ હોર્મુઝ સ્ટ્રેટને શિપિંગ ટ્રાફિક માટે ફરીથી ખોલવાના પ્રયાસો અંતર્ગત વિકેન્ડમાં થયેલા ગોળીબાર બાદ યોજાયો છે.

કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજિદ અલ-અંસારીએ જણાવ્યું કે, દોહામાં અમેરિકી દૂતો ઈરાની રાજદ્વારીઓ સાથે કોઈ સીધી વાતચીત કરવાના નથી. અમેરિકા અને ઈરાન પહેલા પણ પરોક્ષ (અપ્રત્યક્ષ) ચર્ચા કરી ચૂક્યા છે, પરંતુ પાછલા ૨ રાઉન્ડ નિષ્ફળ રહ્યા હતા. ઈરાનનું કહેવું છે કે, આગામી દિવસોમાં અમેરિકી પક્ષ સાથે કોઈપણ સ્તરે બેઠકનું આયોજન નથી. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘઈએ મંગળવારે જણાવ્યું હતું કે, દોહામાં કતારના પક્ષ સાથે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (MoU)ના કેટલાક ભાગોને લાગુ કરવા પર ચર્ચા કરવામાં આવશે. આ ચર્ચામાં ઈરાનના બ્લોક કરાયેલા એસેટ્સ (સંપત્તિ)ને મુક્ત કરવાનો મુદ્દો પણ સામેલ છે. શક્યતા છે કે, બંને પક્ષો કતારના મધ્યસ્થીઓ દ્વારા એકબીજાને સંદેશા મોકલી શકે છે.

## દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ અને સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની ચેતવણી

અમારા -તિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧ઁ ગુજરાતના વિવિધ શહેરોમાં હાલમાં ઉકળાટ અને બફારો અનુભવાય છે ત્યારે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી તાજેતરની આગાહી અનુસાર, સમગ્ર રાજ્યમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરવા માટે તૈયાર છે. આગામી ૭ દિવસ સુધી રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં હળવાથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જેને પગલે વહીવટી તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું છે.

રાજ્યમાં હાલમાં એકસાથે ચાર-ચાર વરસાદી સિસ્ટમ (ટ્રફ, બે સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સક્રિય થવાને કારણે આગામી ૭ દિવસ સુધી સાર્વત્રિક વરસાદી માહોલ રહેશે. ખાસ કરીને આગામી ૫ દિવસ દક્ષિણ ગુજરાત માટે અત્યંત ભારે હોવાથી ત્યાઁ રેડ એલર્ટઁ જાહેર કરાયું છે, જ્યારે સૌરાષ્ટ્રમાં પણ ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આગાહીમાં સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ દક્ષિણ ગુજરાતની જોવા મળી રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૫ દિવસ માટે દક્ષિણ ગુજરાતમાં ઁરેડ એલર્ટઁ જાહેર કરવામાં આવ્યું છે. વલસાડ, નવસારી, સુરત, તાપી અને ડાંગ જેવા જિલ્લાઓમાં અત્યંત ભારેથી આભ ફાટે તેવો વરસાદ પડવાની સંભાવના છે. નદી-નાળાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ શકે તેવી આશંકાને પગલે સ્થાનિક તંત્ર અને એનડીઆરએફની ટીમોને એલર્ટ કરી દેવામાં આવી છે, અને નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતની સાથે સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ મેઘતાંડવ જોવા મળી શકે છે. જામનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## પાક.માં ISISના ઠેકાણાઓ પર ડ્રોન વડે અફઘાનના હવાઈ હુમલા

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૧
પડોશી દેશ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનો સૈન્ય સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચતા સ્થિતિ ભારે તણાવપૂર્ણ બની ગઈ છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે, તેણે પાકિસ્તાની સરહદની અંદર ઘૂસીને આતંકી સંગઠન ISIS-Kના ઠેકાણાઓ પર એક મોટી એરસ્ટ્રાઈક કરી છે. તાલિબાનના મતે, પાકિસ્તાન સ્થિત આ ઠેકાણાઓ પરથી અફઘાનિસ્તાનના નાગરિકો પર હુમલો કરવાનું મોટું ષડયંત્ર રચવામાં આવી રહ્યું હતું. પાકિસ્તાન દ્વારા બે દિવસ પહેલા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ તાલિબાને આ જવાબી કાર્યવાહી કરી હોવાનું સામે આવ્યું છે, જેના કારણે બંને દેશો વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.તાલિબાનના જણાવ્યા અનુસાર, આ મોટી સૈન્ય કાર્યવાહી પાકિસ્તાનના બલૂચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કરવામાં આવી છે. અફઘાનિસ્તાનબ મીડિયા રિપોર્ટ્સમાં પણ આ અહેવાલની પુષ્ટિ કરવામાં આવી છે. અહેવાલો મુજબ, તાલિબાનના ડ્રોન વિમાનોએ સીધા એ જ ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા જ્યાં ISIS-Kના આતંકીઓ છુપાયેલા હતા. આ ઓપરેશન દરમિયાન ખૈબર પખ્તુનખ્વાના સરાન વિસ્તારમાં આવેલી એક સ્કૂલ સંપૂર્ણપણે કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી, કારણ કે આતંકીઓ તેનો ઉપયોગ પોતાના ગુપ્ત ઠેકાણા તરીકે કરી રહ્યા હતા. તાલિબાને સ્પષ્ટ કર્યું છે કે આ હુમલામાં અનેક આતંકીઓ માર્યા ગયા છે, જ્યારે કોઈ પણ સામાન્ય નાગરિકને નુકસાન થયું નથી.તાલિબાનનું આ આક્રમક પગલું રવિવારે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી બોમ્બમારોનો સીધો પલટવાર માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા પાકિસ્તાને અફઘાનિસ્તાનની સરહદમાં ઘૂસીને શ્રેણીબદ્ધ હવાઈ હુમલા કર્યા હતા.

### હવે 'પ્રોપર્ટીકાર્ડ' જ આખરી દસ્તાવેજ ગણાશે

## ગુજરાતમાં બિનખેતી જમીનોના ગામ નમૂના નંબર-૭ બંધ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૧
ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા જમીન સંપાદન અને રેકર્ડના આધુનિકીકરણ તરફ એક ઐતિહાસિક અને ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. ૩૭ના વિગતવાર પરિપત્ર મુજબ, રાજ્યમાં બિનખેતી-દ્વછ થયેલી જમીનોના વર્ષો જૂના 'ગામ નમૂના નં.-૭' (૭/૧૨ ના ઉતારા) તબક્કાવાર બંધ કરવામાં આવશે અને તેના સ્થાને પ્રોપર્ટીકાર્ડને જ એકમાત્ર અદ્યતન અને માન્ય દસ્તાવેજ ગણવામાં આવશે. રાજ્ય સરકારના આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં મિલકતોના ડબલ રેકર્ડના કારણે ઉભા થતા વિવાદોનો કાયમી અંત લાવવાનો છે. અત્યાર સુધી બિનખેતી થયેલી જમીનો માટે ગ્રામ્ય કક્ષાએ ૭/૧૨ નો ઉતારો અને સિટી સર્વે કક્ષાએ પ્રોપર્ટીકાર્ડ એમ બંને રેકર્ડ ચાલુ રહેતા હતા. જેના કારણે ક્ષતિઓ અને વિવાદો સર્જાતા હતા.

હવે આ પ્રથા બંધ થશે. મહેસૂલ વિભાગના આદેશ અનુસાર, હવેથી બિનખેતી થયેલા તમામ સર્વે નંબરોનું પ્રોપર્ટીકાર્ડ સાથે સો ટકા મેપિંગ કરવામાં આવશે. જૂના થઈ ગયેલા કે ક્ષતિવાળા પ્રોપર્ટીકાર્ડને સંપૂર્ણપણે વેરિફાય કરીને જ ગામ નમૂના નં.-૭ બંધ કરવાની મંજૂરી આપવામાં આવશે. જેથી કોઈ કાયદાકીય ગૂંચ ઉભી ન થાય.આ પરિપત્રમાં ૩૭ પાનાની લાંબી માર્ગદર્શિકા સાથે તમામ જિલ્લા કલેક્ટર, સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકોને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. જે મુજબ, ગામ નમૂના નં.-૭ બંધ કરતા પહેલાં પ્રોપર્ટીકાર્ડમાં નોંધાયેલી વિગતો, ક્ષેત્રફળ અને હકદારોના નામની સચોટ ચકાસણી કરવામાં આવશે. મેપિંગ પ્રક્રિયા માટે જે સર્વે નંબરોનું હજુ સુધી પ્રોપર્ટીકાર્ડ બન્યું નથી ત્યાં આ નવીન કાર્ડ બનાવવાની પ્રક્રિયા યુદ્ધના ધોરણે શરૂ કરાશે.

## અમેરિકા-કેનેડા અને મેક્સિકોમાં પણ ગરમીનો કહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
મેક્સિકો, તા.૧ : યુરોપમાં ચાલી રહેલી ભીષણ હીટવેવ વચ્ચે હવે અમેરિકા પણ ગંભીર ગરમીની લપેટમાં આવી ગયું છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ઘણા શહેરોમાં સ્થાનિક વહીવટીતંત્રે લોકોના જીવ બચાવવા માટે ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરવી પડી રહી છે. રાષ્ટ્રીય હવામાન સેવા (NWS)ના જણાવ્યા અનુસાર, દેશના મધ્ય અને પૂર્વીય ભાગોમાં વાસ્તવિક તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી શકે છે, જ્યારે અતિશય ભેજને કારણે અનુભવાતું તાપમાન (હીટ ઈન્ડેક્સ) ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે.

હાલમાં અમેરિકામાં ૯ કરોડથી વધુ લોકો હીટ એલર્ટના દાયરામાં જીવી રહ્યા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં ઘણા શહેરોમાં વર્ષો જૂના તાપમાનના રેકોર્ડ તૂટી શકે છે. આ ભીષણ ગરમી ૪ જુલાઈના સ્વતંત્રતા દિવસની રજાઓ સુધી ચાલુ રહેવાની આશંકા છે. અમેરિકાના મુખ્ય શહેરોમાં ગરમીનો સામનો કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. શિકાગો વહીવટીતંત્રો પરિસ્થિતિને ગંભીરતાથી લઈને સમગ્ર શહેરમાં કૂલિંગ સેન્ટર્સ (લોકોને ગરમીથી રાહત આપતા કેન્દ્રો) ખોલી દીધા છે. આ ઉપરાંત, વડીલો અને બીમાર લોકોની તબિયતની નિયમિત તપાસ કરવા માટે સરકારી કર્મચારીઓની વિશેષ ટીમો પણ તહેનાત કરવામાં આવી છે. બીજી તરફ, ન્યૂયોર્કના મેયર જોહરાન મમદાનીએ પણ ગરમી સામે લડવા માટે એક ખાસ યોજના અમલમાં મૂકી છે, જેના અંતર્ગત લોકોને મફત પીવાનું પાણી પૂરું પાડવા માટે મોબાઈલ વાન ચલાવવામાં આવી રહી છે. શહેરમાં ઠેર-ઠેર હંગામી કૂલિંગ સ્ટેશનો બનાવવામાં આવ્યા છે, જ્યાં લોકોને તાત્કાલિક રાહત આપવા માટે મિસ્ટિંગ ફેન અને કૂલિંગ ટુવાલની વ્યવસ્થા કરવામાં આવી છે.અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં પણ ગુરુવારથી શનિવાર સુધી તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાનું અનુમાન છે. ચિંતાની વાત એ છે કે આ જ સમયગાળા દરમિયાન અહીં દેશના ૨૫૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ભવ્ય આતશબાજી અને ઉત્સવનું આયોજન થવાનું છે.

## રેંટલાવમાં બનેવીને ત્યાં સાળાની પત્નીએ દાગીના ચોર્યાની કબુલાત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના રેટલાવ ગામમાં રહેતા બનેવીના ત્યાં સુરતની સાળાની પત્ની એ સોનાના દાગીના ની ચોરી કર્યા અંગેની ફરિયાદ થયા બાદ ગણતરીના કલાકોમાં પારડી પોલીસે એને પકડી પાડી હતી રેટલાવ ગામે આવેલા મોગરા ફળિયાના ઉત્તમ એન્ક્લેવ બિલ્ડીંગના ફલેટ નંબર એ ૪૦૪ માં રહેતા નિકિત અનિલભાઈ દેસાઈ ના સાળાની પત્ની રુચિબેન હિતેશભાઈ પટેલ રહે. સમર્પણ સોસાયટી, અડાજણ, સુરત સામે ચોરીનો આક્ષેપ કરી એની સામે પારડી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. રૂચિબેન દેસાઈ પરિવારના ઘરે રોકાવવા માટે આવ્યા હતા.

૨૩ જૂનની સવારે પરિવારના સભ્યો કામ અર્થે બહાર ગયા હતા ત્યારે તકનો લાભ ઉઠાવીને રુચિબેન કબાટ ની ચાવી શોધી કાઢી હોય તેમણે કબાટ ખોલીને અંદર રાખેલા સોનાના કિંમતી દાગીના અને રોકડા રૂપિયાની ચોરી કરી હોય અંદાજે ૨૦ તોલા જેટલું સોનું જેમાં મંગળસૂત્ર, બ્રેસલેટ, વીંટી, ચેઈન, પેન્ડલ એરીંગ અને સોનાની લગડીનો જેની અંદાજિત કિંમત રૂપિયા ૫.૬૦ લાખ ની ચોરી હોય આ સિવાય કબાટમાં રાખેલા રૂપિયા દોઢ લાખની રોકડ રકમની પણ ચોરી કરી હોય જ્યારે પરિવારને ચોરી અંગે ખબર પડી અને આરોપી મહિલા સામે શંકા ગઈ હતી ત્યારે પૂછપરછ દરમિયાન મહિલાએ ચોરીની કબૂલાત કરી હોય અને સુરતના ઝવેરીને દાગીના વેચી દીધા હોવાનું જણાવ્યું હોય મુદ્દામાલ પાછો ન મળતા આખરે મામલો પારડી પોલીસ મથકે પહોંચ્યો હતો પારડી પોલીસે ચોરી કરનાર મહિલા રુચિ પટેલની ધરપકડ કરી ચોરીનો માલ રિકવર કરવા કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

## પારડી હાઈવેથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૧ :** પારડી પોલીસે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૪૮ ઉપર મામલતદાર કચેરી સામે દારૂ ભરેલ કાર સાથે બુટલેગરની ધરપકડ કરી હતી પારડી પોલીસની ટીમ પેટ્રોલિંગ માં હતી દરમિયાન બાતમીના આધારે પારડી નવી મામલતદાર કચેરી સામે વાપીથી વલસાડ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ પર નાકાબંધી કરી હતી. ત્યાંથી પસાર થતી વેગનઆર કારને અટકાવી હતી. તપાસ કરતા કારની પાછળની સીટ તેમજ ડિકીના ભાગે પૂંઠાના બોક્સમાં દારૂની બોટલ નંગ ૭૮૬ જેની કિંમત રૂ. ૨.૫૮ લાખનો જથ્થો મળી આવ્યો હતો. બુટલેગરોએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે મહારાષ્ટ્ર પાસિંગનીકારન.MH-03-ES-0469 પર ગુજરાતની ખોટી નંબર પ્લેટ GJ-38-BB-4832 લગાવી રાખી હતી. પોલીસે કાર ચાલક ઋષિ સંજયસિંહ રહે. નાલાસોપારા, જી. પાલઘર, મૂળ બિહાર અને કેસર અસલમ શેખ રહે. વસઈ ઈસ્ટ, થાણા, મહારાષ્ટ્ર ની ધરપકડ કરી હતી પારડી પોલીસે કાર, ૨ મોબાઈલ ફોન, દારૂનો જથ્થો સહીત કુલ રૂ. ૪.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે આ દારૂનો જથ્થો ભરાવી આપનાર મુખ્ય સૂત્રધાર આજમ શેખ નામના આરોપીને વોન્ટેડ જાહેર કરી પારડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વઘઈ-સાપુતારા માર્ગ પર અકસ્માત : પિકઅપ પલ્ટી, મિક્સર ટ્રક ઝાડીમાં ઘુસી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સાપુતારા, તા.૦૧ :** ડાંગ જિલ્લાના આહવા-વઘઈ વિસ્તારમાં અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે, ત્યારે આજે વઘઈથી સાપુતારા જતા મુખ્ય માર્ગ પર એક ચોંકાવનારો ડબલ અકસ્માત સર્જાયો હતો. આ ઘટના વઘઈ ગામની બિલકુલ નજીક બની હતી, જેના કારણે માર્ગ પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતોઅને વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. મળતી વિગતો અનુસાર, મહારાષ્ટ્રના સંગમનેરથી નીકળીને ગુજરાતના આણંદ તરફ જઈ રહેલી એક પિકઅપ ગાડી વઘઈ ગામ નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે ચાલકે અચાનક વાહન પરથી નિયંત્રણ ગુમાવી દેતાં આ પિકઅપ ગાડી રોડની અધવચ્ચે જ ધડાકાભેર પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે પિકઅપ ગાડી આખી માર્ગ પર આડી પડી ગઈ હતી.આ જ સમયે, બિલકુલ તેની સામેની બાજુએથી એટલે કે પુણેથી જયપુર તરફ જઈ રહેલો એક નવોનકોર ટાટા મિક્સર ટ્રક ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. અચાનક સામે પિકઅપ ગાડી પલ્ટી ખાતી જોઈને ટાટા મિક્સર ટ્રકના ચાલકે ભારે સમયસૂચકતા વાપરી હતી. માર્ગ પર થઈ રહેલા આ અકસ્માતમાં પોતાના ટ્રકને અને સામેવાળા વાહનને વધુ નુકસાનથી બચાવવા માટે ટ્રક ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો અને વાહનને રોડની સાઈડમાં ઉતારી દીધું હતુ. જોકે, રોડની સાઈડમાં ઉતરતાની સાથે જ આ વજનદાર મિક્સર ટ્રક માર્ગ કિનારે આવેલી વાંસની ગીચ ઝાડીઓમાં ખૂબ જ ઊંડે સુધી ઘૂસી ગયો હતો અને ત્યાં ફસાઈ ગયો હતો. આ વિચિત્ર અને ગંભીર અકસ્માતમાં બંને વાહનોને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. પિકઅપ ગાડી તેમજ ટાટા મિક્સર ટ્રક બંનેના આગળના અને સાઈડના ભાગે મોટું નુકસાન થયું છે. જોકે, સૌથી મોટી રાહતની વાત એ રહી કે, આટલા મોટા અકસ્માત છતાં બંને વાહનોના ચાલકો અને ક્લીનરોનો આબાદ બચાવ થયો છે. પિકઅપ અને ટ્રકના ચાલકોને સામાન્ય ઈજાઓ સિવાય કોઈ ગંભીર શારીરિક ક્ષતિ પહોંચી નથી, જેથી સ્થાનિક લોકો અને રાહદારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. અકસ્માત અંગે વઘઈ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ક્રેનની મદદથી વાહનોને માર્ગ પરથી હટાવવાની તેમજ વાંસની ઝાડીમાંથી ટ્રકને બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી અને માર્ગ પર વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

## વાપીની મંજુ દાયમા મેમોરિયલ વિદ્યાપીઠની ઈન્ટરેક્ટિવ પેનલ બોર્ડ ભેટ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧:** વાપી પંથકમાં કાર્યરત રાજસ્થાન મહિલા મંડળે સમાજ સેવા સંસ્થા દ્વારા મંજુ દયામા મેમોરિયલ સંસ્કાર વિદ્યાપીઠને આધુનિક શૈક્ષણિક સંસાધનો દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન પૂરું પાડવા માટે એક ઈન્ટરેક્ટિવ પેનલ બોર્ડ ભેટમાં આપ્યું.મંગળવારે શાળા કેમ્પસમાં આયોજિત એક સમારોહમાં, બોર્ડના પ્રમુખ રેણુ અગ્રવાલ, સેક્રેટરી યામિની અગ્રવાલ, પ્રોજેક્ટ કોઓર્ડિનેટર પ્રેમ ગુટગુટિયા, પ્રવીણા સુરાણા, રીતુ ઝુનઝુનુવાલા અને ખજાનચી પ્રમિલા અગ્રવાલ, સંસ્થાના વડા બી.કે. દયામા સાથે મળીને, વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો કરવા માટે શાળાના આચાર્ય સંધ્યા પાત્રાને IP ટીવી રજૂ કર્યું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન આપતાં, શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે છરવાડાના આ પછાત વિસ્તારમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં સ્માર્ટ વર્ગો અમને ખૂબ મદદ કરશે. મંડળના પ્રોજેક્ટ ચેરમેન પ્રવીણા સુરાણાએ જણાવ્યું હતું કે તેમને આ બાળકોમાં રહીને ખૂબ આનંદ થાય છે અને તેમના સમર્પણ અને પ્રતિભાને જોઈને, તેમની સંસ્થાએ સહયોગ આપવાનું વચન આપ્યું હતું જે આજે પૂર્ણ થયું. તેમણે શાળા મેનેજમેન્ટ અને સ્ટાફના કાર્યની પણ પ્રશંસા કરી. સંસ્થાના ચેરમેન બી.કે. દયામાએ જણાવ્યું હતું કે સંસ્કાર વિદ્યાપીઠ દ્વારા અમે સ્વર્ગસ્થ મંજુ દયામાના સપનાઓને પૂર્ણ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. આ વિસ્તારની આ એકમાત્ર શાળા છે જ્યાં પિતા વિનાના વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવામાં આવે છે. સહકાર બદલ મંડળનો આભાર વ્યક્ત કર્યો.

## વઘઈ-સાપુતારા માર્ગ પર વાહન અડફટે બાઈક ચાલકનું મોત

**સાપુતારા, તા.૦૧ :** ડાંગનાં વઘઈ-સાપુતારા માર્ગ પર ફરી એકવાર રક્તરંજિત અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક બાઈક ચાલકે પોતાનો જીવ ગુમાવ્યો છે. મળતી માહિતી અનુસાર, વઘઈ સાપુતારા હાઈવે પર આવેલા બાજ ગામ નજીકથી પસાર થઈ રહેલી એક મોટરસાયકલ.ન.જી.જે.૩૦.સી.૭૭૬૨ને કોઈ અજાણ્યા વાહન ચાલકે જોરદાર અડફેટમાં લીધી હતી.આ અકસ્માત એટલો ભીષણ હતો કે મોટરસાયકલ ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.અકસ્માતનો ભોગ બનેલો ઈસમ વઘઈ તાલુકાના નાની દાબદર ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે, જે પોતાની GJ-30-C-7762 રજીસ્ટ્રેશન નંબર ધરાવતી મોટરસાયકલ પર સવાર થઈને જઈ રહ્યો હતો. ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અકસ્માતની માહિતી મળતાની સાથે જ વઘઈ પોલીસ મથકનાં પીઆઈએ એ. ચાવડાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

### નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂ જૂનું નામ **સોનુ માઈકલ** હતું જે બદલીને મારૂ નવું નામ **સોનુ માઈકલ ચૌરસિયા** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

લિ. **સોનુ માઈકલ ચૌરસિય**
સરનામું : ડી-૯ ૪૦૪, શિવમ વિહાર, ઉમરગામ, તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬૧૬૫

### CHANGE OF NAME

OLD NAME : SAIPRASAD K ROHOM
NEW NAME : SAIPRASAD ROHOM
ADDRESS : THAKOR COMPLEX, E2 F NO. 301, TOKARKHADA K. M. ROAD, BEHIND DISTRICT COURT, SILVASSA, UNION TERRITORY OF DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU - 396230

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM MASTER YASH SURINDERSINGH PATIYAL TO NEW NAME YASH PATIYAL AS PER DOCUMENTS

**Administration of Dadra & Nagar Haveli and Daman & Diu**
**Office of the Sub Divisional Police Officer**
**Dadra and Nagar Haveli**
**Silvassa-396 230**

### AUCTION NOTICE

**No. DNH/Police/SDPO(S)/Condemnation/4009/2026, dated: 26/06/2026**

A Public auction of Unclaimed/Muddamal property vehicles (On Scrap Basis) will be held on 07/07/2026 between 10:00 A.M. to 03:00 P.M. in premises of Dadra Out Post, Silvassa, Dadra and Nagar Haveli. Interested Parties are requested to remain present on the day of auction. Further details, and other terms and condition can be obtained from the office of the Sub Divisional Police Officer, Dadra and Nagar Haveli, Silvassa.

--sd--
**Sub Divisional Police Officer**
**Dadra and Nagar Haveli**
**Silvassa**

**NO.: IP/DMN/2/5/2026-27/286 DATED : 01/07/2026**

### : જાહેર નોટીસ :

આથી જાહેર જનતાને જણાવવામાં અઆવે છે કે, હેઠળ શીડ્યુલથી વર્ણવેલ મિલકત શ્રી રવિયા માવજી અને રમણ માવજી, બંને રહેવાસી - સેલવાસ, તાબે - દાદરા નગર હવેલીનાની સંયુક્ત માલિકીની અને કબજા ભોગવટા, વહીવટની હોવાનું જણાવી તેઓએ મારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે. જેથી મજકુર મિલકતમાં કોઈનો કંઈ પણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, ભરણપોષણનો કે ઈઝમેંટનો કે બોજાનો કે સંપાદનનો કે અન્ય રીતનો હક્ક, લિયન કે વાંધો હોય તો તેમણે તેના લેખીતમાં જરૂરી અને પ્રમાણિત પુરતા પુરાવાઓ સાથે હમોને નીચે જણાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭માં પોતાના હક્ક, દાવાઓ કે વાંધાઓ રજુ કરવા. સદર મુદ્દત વિત્યા બાદ કોઈના કોઈ પણ પ્રકારના દર દાવા, કે વાંધાઓ નથી અને જો તેવા હોય તો તે જતા કરેલા યાને વેવ કરેલા છે તેવું સમજી મારા અસીલ મજકુર મિલકત અંગેના વેચાણના વ્યવહારો પરીપૂર્ણ કરાવી લેશે અને ત્યાર બાદની કોઈ પણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

**શીડ્યુલ (મિલકતનું વર્ણન)**

તાબે-દાદરા નગર હવેલી સંઘ પ્રદેશના મોજે ''સેલવાસ'' ગામે આવેલ ખેતીની જમીન મિલકત જેનો સર્વે નં.૭૮/૧, કુલ્લે ક્ષેત્રફળ હે. ૦.૧૨ આરે જે જમીન મિલકત, જે મિલકત તથા મજકુર મિલકત લાગતા વળગતા તમામ પ્રકારના સુખાધિકારના હક્કો સહીત.

**તા.૦૧/૦૭/૨૦૨૬**

**સહી/-**
**(પંકજકુમાર એન. ભંડારી)**
**એડવોકેટ અને નોટરી**

**સરનામું : સિલવાસા, ઓફિસ - દુકાન નં. ૧ અને ૨, ગોકુલ દર્શન-એ, પહેલો માળ, ટોકરખાડા, સિલવાસા**
**મો.૦૯૮૨૪૫૯૮૬૬૫**

### : જાહેર નોટીસ :

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, હેઠળ શીડ્યુલથી વર્ણવેલ મિલકત બાઈ જસી તે ડાહ્યા મેરવાનની વિધવા અને બીજાઓ રહેવાસી - ચીચપાડા, તાબે - દાદરા નગર હવેલીનાની સંયુક્ત માલિકીની અને કબજા ભોગવટા, વહીવટની હોવાનું જણાવી તેઓએ મારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે. જેથી મજકુર મિલકતમાં કોઈનો કંઈ પણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, ભરણપોષણનો કે ઈઝમેંટનો કે બોજાનો કે સંપાદનનો કે અન્ય રીતનો હક્ક, લિયન કે વાંધો હોય તો તેમણે તેના લેખીતમાં જરૂરી અને પ્રમાણિત પુરતા પુરવાઓ સાથે હમોને નીચે જણાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં પોતાના હક્ક, દાવાઓ કે વાંધાઓ રજુ કરવા. સદર મુદ્દત વિત્યા બાદ કોઈના કોઈ પણ પ્રકારના દર દાવા, કે વાંધાઓ નથી અને જો તેવા હોય તો તે જતા કરેલા યાને વેવ કરેલા છે તેવું સમજી મારા અસીલ મજકુર મિલકત અંગેના વેચાણના વ્યવહારો પરીપૂર્ણ કરાવી લેશે અને ત્યાર બાદની કોઈ પણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

**શીડ્યુલ (મિલકતનું વર્ણન)**

તાબે - દાદરા નગર હવેલી સંઘ પ્રદેશના મોજે ''ચીચપાડા'' ગામે આવેલ ખેતીની જમીન મિલકત જેનો નવો સર્વે નં.૨૪૧, જુનો સર્વે નં.૬૮/૧૩, જેનું કુલ્લે ક્ષેત્રફળ હે.૧.૧૫૪૪ આરે જે જમીન મિલકત, જે મિલકત તથા મજકુર મિલકત લાગતા વળગતા તમામ પ્રકારના સુખાધિકારના હક્કો સહીત.

તા.૦૧/૦૭/૨૦૨૬

**સહી/-**
**(પંકજકુમાર એન. ભંડારી)**
**એડવોકેટ અને નોટરી**

**સરનામું : સિલવાસા, ઓફિસ - દુકાન નં. ૧ અને ૨, ગોકુલ દર્શન-એ, પહેલો માળ, ટોકરખાડા, સિલવાસા**
**મો.૦૯૮૨૪૫૯૮૬૬૫**

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૩૭૯/૨૦૨૪

**અરજદાર :-** **મંગુભાઈ ગાંડાભાઈ પટેલ**
રહે. ૬૪ વચલા ફળિયા ખડકી, તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી ખડકી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંગુભાઈ ગાંડાભાઈ પટેલ**, રહે. ૬૪ વચલા ફળિયા ખડકી તા.પારડી, જી.વલસાડનાએ તેઓના દાદી **મંછીબેન ભંગીયાભાઈ પટેલનું** મરણ તા.૧૫/૦૭/૧૯૮૮ ના રોજ મોજે- ખડકી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૩૭૯-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૧૦૮/૨૦૨૫**

**અરજદાર : સુમિત્રાબેન નગીનભાઈ પટેલ**
**રહે.** નવીનગરી, સલવાવ, વાપી,
તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટાર અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી**
**વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૧૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુમિત્રાબેન નગીનભાઈ પટેલ** રહે. નવીનગરી, સલવાવ, વાપી, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના સાસુશ્રી **સ્વ. શાંતિબેન છનાભાઈ પટેલનું** અવસાન તા.૩૦/૧૨/૨૦૧૮ના રોજ મોજે વાપી તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી૧૦૮/૨૫/**
**વશી૨૧૨૬/૨૫/૨૦૨૬**
**એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૩૬/૨૦૨૬**

**અરજદાર : ભુપેન્દ્રભાઈ હરિભાઈ દેસાઈ**
**રહે.** ભાગડાવડા પ્રાથમિક સ્કૂલ, દેસાઈવાડ,
વલસાડ, તા.જી.વલસાડ

**સામાવાળા : સબ - રજીસ્ટ્રારશ્રી વલસાડ નગરપાલિકા (જન્મ-મરણ)**

**જન્મ-મરણની કલમ - ૧૯૬૯ અધિનિયમ-૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધણી કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે**
**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ભુપેન્દ્રભાઈ હરિભાઈ દેસાઈ,** રહે.ભાગડાવડા પ્રાથમિક સ્કૂલ, દેસાઈવાડ, વલસાડ, તા.જી.વલસાડનાઓએ તેમના પિતરાઈ ભાઈશ્રી **મહેશકુમાર સંપતરાય દેસાઈ**નો જન્મ તા.૧૦/૦૭/૧૯૪૮ના રોજ મોજે વલસાડ પારડી, વલસાડ, તા.જી.વલસાડ ખાતે થયેલ છે. જેઓના પિતરાઈ ભાઈના જન્મની નોંધણી જે તે સમયે વડીલોની શરતચુક અને અજ્ઞાનતાનાના કારણે જન્મ રજીસ્ટરમાં નોંધણી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા નિમેલ વહીવટદાર અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કચેરીએ વાંધો લેખિતમાં રજુ કરવાનો રહેશે. જો ઉક્ત સમય મર્યાદામાં કોઈ વાંધા નહી આવે તો કોઈને વાંધો કે હરકત નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ/રજી.નં.૩૬/૨૦૨૬/વશી**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, વલસાડ તા.વલસાડ**
**જી.વલસાડ - ૩૯૬૦૦૧**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વલસાડ (શહેર)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૫૭/૨૦૨૫**

**અરજદાર : રીતુકુમારી કેદાર તતવા**
**મોજે.** ૯૯૨/સી/૩ વેસ્ટ રેલ્વે કોલોની વલસાડ,
તા.જી.વલસાડ

**સામાવાળા : સબ - રજીસ્ટ્રારશ્રી વલસાડ નગરપાલિકા (જન્મ-મરણ)**

**જન્મ-મરણની કલમ - ૧૯૬૯ અધિનિયમ-૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધણી કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે**
**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રીતુકુમારી કેદાર તતવા,** રહે.૯૯૨/સી/૩ વેસ્ટ રેલ્વે કોલોની વલસાડ, તા.જી.વલસાડનાઓએ તેમના પિતા **સ્વ. કેદાર તતવા**નું મરણ તા.૧૩/૦૩/૨૦૨૩ના રોજ મોજે ૯૯૨/સી/૩ વેસ્ટ રેલ્વે કોલોની ક્વાટર્સ, તા.જી.વલસાડ ખાતે થયેલ છે. જેઓના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણ૦ની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા નિમેલ વહીવટદાર અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કચેરીએ વાંધો લેખિતમાં રજુ કરવાનો રહેશે. જો ઉક્ત સમય મર્યાદામાં કોઈ વાંધા નહી આવે તો કોઈને વાંધો કે હરકત નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ/રજી.નં.૫૭/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, વલસાડ તા.વલસાડ**
**જી.વલસાડ - ૩૯૬૦૦૧**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વલસાડ (શહેર)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૧૭૪૧/૨૦૨૬**

**અરજદાર : હિનાબેન જયંત રાઠોડ,**
**રહે.** નાયકીવાડ, દિવેદ ડુંગરવાડી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દિવેદ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હિનાબેન જયંત રાઠોડ,** રહે.નાયકીવાડ, દિવેદ ડુંગરવાડી, તા.જી.વલસાડએ તેમના પુત્રી **ખુશી જયંત રાઠોડનો** જન્મ તા.૧૫-૦૯-૨૦૨૦ના રોજ મોજે. દિવેદ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૭૮/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૩૬/૨૦૨૬**

**અરજદાર : ભુપેન્દ્રભાઈ હરિભાઈ દેસાઈ,**
**રહે.** ભાગડાવડા પ્રાથમિક સ્કુલ, દેસાઈવાડ,
વલસાડ, તા.જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ - રજીસ્ટ્રારશ્રી વલસાડ નગરપાલિકા (જન્મ-મરણ)**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ભુપેન્દ્રભાઈ હરિભાઈ દેસાઈ, રહે.** ભાગડાવડા પ્રાથમિક સ્કુલ, દેસાઈવાડ, વલસાડનાઓએ તેમના પિતરાઈ ભાઈશ્રી **મહેશકુમાર સંપતરાય દેસાઈ**નો જન્મ તા. ૧૦/૦૭/૧૯૪૮ના રોજ મોજ. વલસાડ પારડી, વલસાડ, તા.જી. વલસાડ ખાતે થયેલ છે તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૩૬/૨૦૨૬/વશી**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**










# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

# વાપીમાં ૨ કલાકમાં ૪ ઈંચ વરસાદથી RUB માં પાણી ભરાયા





## વાપીમાં અન્ડરપાસની પોલ ખુલી ગઈ

વાપીમાં રૂા. ૨૦ કરોડથી વધુના ખર્ચે જીયુડીસી દ્વારા વાપી- વલસાડ રોડ પરથી બલિઠા- ચલા તરફ જતાં અન્ડરપાસ બનાવવામાં આવ્યો હતો પરંતુ અહીં પહેલાં વરસાદે જ ઠેર ઠેર લીકેજ અને રસ્તો બેસી જવાને કારણે વહીવટીતંત્ર દ્વારા તાત્કાલીક એક તરફનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો. જો કે અહીં રેલ્વે અને માર્ગ અને મકાન વિભાગની ટીમે સંયુકત રીતે દેખરેખ રાખીને આ અન્ડરપાસ બનાવાયો પરંતુ તેમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાયું હોવાનું બહાર આવ્યું છે. જો કે રસ્તાની બંને બાજુએ સાઈડસોલ્ડીંગ પણ બરોબર ન કરાયું જેને કારણે રસ્તો બેસી ગયો હતો. જયારે રેલ્વે પરીસરની નીચે બનાવવામાં આવેલ સીમેન્ટ - કોંક્રીટનો માર્ગમાંથી પાણીના ઝરા ફૂટી નિકળ્યા હતાં. જેને લઈ રસ્તો ઉખડી જવા પામ્યો હતો. શું અહીં રસ્તો બનાવવાના સમયે લોખંડ અને સિમેન્ટનો ઉપયોગ ન કરાયો હોય તેવું હાલમાં ચિત્ર ઉપસી આવ્યું છે. જે હોય તે પરંતુ રેલ્વે અને વલસાડ માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા તાત્કાલીક તપાસ કરી કાર્યવાહી કરે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## મનપાએ રૂા. ૧ કરોડથી વધુના ખર્ચે પ્રિમોન્સુન કામગીરી કરાવી પરંતુ પ્રથમ વરસાદે જ ગટરો ઉભરાઈ અને અનેક નીચાણવાળા વિસ્તારમાં ઘરોમાં પાણી ભરાવાના બનાવો બન્યા





### વાપી મનપામાં કરોડો રૂપિયાના ખર્ચે કરાયેલી પ્રિમોન્સૂન કામગીરી ખરેખર પૂર્ણ થઈ છે કે કેમ તેવા પ્રશ્નો વિપક્ષ અને સ્થાનિક નગરવજનો કરી રહ્યાં છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપીમાં વહેલી સવારમાં માત્ર બે કલાકમાં જ ૧૦૫ એમએમ વરસાદ વરસતા અનેક સ્થળે પાણી ભરાવાના બનાવ અને રસ્તા તેમજ ખુલ્લા મેદાન તળાવ અને નદીમાં ફેરવાઈ જવા પામ્યા હતા સાથે રેલવેના નવા અને જૂના અંડર બ્રિજમાં પાણી ભરાવા ને લઈ વહન વ્યવહાર બંધ થઈ જવા પામ્યો હતો જેને લઈ ટ્રાફિકની ભારે સમસ્યા તેમ જ લોકો તેમના કામના સ્થળે તથા વિદ્યાર્થીઓ શાળાઓને કોલેજમાં મોડા પહોંચ્યા તો કેટલાક પહોંચી જ નહીં શક્યા જેને લઈ પાલિકાની કામગીરી અંગે નગરજનોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. આજે વાપીમાં વહેલી સવાર ના છ થી આઠ કલાક દરમિયાન અચાનક વરસાદ શરૂ થયો હતો અને ધોધમાર વરસાદ પડતા માત્ર ગણતરીના બે કલાકમાં જ ૧૦૫ એટલે કે ૪.૨૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જેને લઈ વાપીના નવા રેલવે અંડર બ્રિજ તેમજ વાપી મુખ્ય બજારમાં આવેલ કેટલીક દુકાનોમાં તથા ગીતા નગર અને કંચન નગર વિસ્તાર નીચાણ વાળા ઘરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા જોકે તાત્કાલિક વાપી મહાનગરપાલિકા નું ફાયર વિભાગના ફાયર બ્રિગેડ ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને તાત્કાલિક પાણીનો નિકાલ કરવા માટે ડ્રેનેજ ની સફાઈ તેમજ નવા રેલવે અન્ડરબ્રીજમાં લગાવવામાં આવેલ ઈલેક્ટ્રીક મોટર નો ઉપયોગ કરી પાણીનો નિકાલ ત્રણ કલાકમાં કરાયો હતો ત્યારબાદ સવારે ૯:૩૦ કલાકે નવા રેલવે અન્ડરબ્રીજ માંથી વાહન વ્યવહાર શરૂ થયો હતો. જોકે આ સમય દરમિયાન વાપી પૂર્વ અને પશ્ચિમ માં આવવા જવા માટે નો એકમાત્ર વિકલ્પ બલીઠા અતુલ સોસાયટીનો અંડર બ્રિજ રહ્યો હતો પરંતુ આ અન્ડરબ્રીજના રેલવે પરિસર માં સાઈટ શોલ્ડિંગની કામગીરી બરોબર ન કરવાને લઈ રસ્તો ઘસી ગયો હતો તેમજ સિમેન્ટ કોંક્રિટ ના રોડ વચ્ચેથી જાણે પાણીના ફુવારા ઉડતા હોય તેવું દ્રશ્ય ઊભું થયું હતું જેને લઇ આ અંડર બ્રિજ નો એક તરફનો માર્ગ બંધ કરવો પડ્યો હતો ત્યારબાદ રેલવે વિભાગ અને વલસાડ જિલ્લા બાંધકામ વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઘસી પડેલ રસ્તા નો સમારકામ શરૂ કર્યું હતું.

જોકે વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કંચનનગર ઈમરાનગર ગીતા નગર તેમજ પાંચ આંબા વિસ્તારમાં આવેલ નીચાણવાળા ઘરોમાં પાણી ભરાઈ જવાને લઈ લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.


તેવી જ રીતે વાપી મુખ્ય બજારમાં આવેલ કેટલીક ૧૦ થી ૧૨ જેટલી દુકાનોમાં પાણી ભરાવાના બનાવ બન્યા હતા જોકે અહીં આ વર્ષે જ લાખો રૂપિયાના ખર્ચે રસ્તો ખોદી નવો બનાવ્યો હતો પરંતુ પાણી ભરાવાનો પ્રશ્ન હલ થવાની સ્થાનિક લોકો તથા દુકાનદારોને થઈ હતી પરંતુ આ વર્ષે પણ પાણી ભરાતા તેઓને નિરાશા થવા પામી છે.



વાપી- દમણ રોડ સહિત વિવિધ વિસ્તારમાં આજે સવારે પાણી ભરાતાં નગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેષ દેસાઈ, ભવલેશ કોટડીયા સહિત કોર્પોરેટરો અને અધિકારીઓ સ્થળ નિરીક્ષણ કરવા ધસી ગયા હતાં. હવે પછી પાણી ન ભરાય તેની તકેદારી રખાય તેવા સુચનો કરાયા હતાં.

## વાપીમાં ઠેર ઠેર પાણી ભરાતાં જનજીવન ખોરવાયું

### રોહિત વાસ, કસ્ટમ રોડ, આશિયાના કોમ્પ્લેક્ષ, હરિયા પાર્ક અને સુલપડમાં વૃક્ષો ધરાશાયી; નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકો પરેશાન


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપીમાં બુધવારે સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન માત્ર બે કલાકમાં ૧૦૫ મિ.મી. (આશરે ૪ ઈંચ) વરસાદ વરસતા સમગ્ર શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. ભારે વરસાદના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને સ્થાનિક રહિશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સવારે ૮ વાગ્યા બાદ વરસાદની તીવ્રતા ઘટી હતી, છતાં સાંજે ૬ વાગ્યા સુધીમાં વધુ ૧૨ મિ.મી. વરસાદ નોંધાતા કુલ ૧૨ કલાકમાં ૧૩૩ મિ.મી. એટલે કે અંદાજે ૫ ઈંચ વરસાદ વરસ્યો હતો.

આ ભારે વરસાદ સાથે સિઝનનો કુલ વરસાદ ૨૪૦ મિ.મી. એટલે કે સરેરાશ ૧૦ ઈંચની નજીક પહોંચી ગયો છે. બીજી તરફ પવન સાથે પડેલા વરસાદના કારણે રોહિત વાસ, કસ્ટમ રોડ, આશિયાના કોમ્પ્લેક્ષ, હરિયા પાર્ક અને સુલપડ વિસ્તારમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. ઘટનાની જાણ થતાં વાપી ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા અને આધુનિક કટર મશીનની મદદથી વૃક્ષોને કાપી રસ્તા પરથી દૂર કરી વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ ભારે વરસાદે શહેરની વરસાદી પાણી નિકાલ વ્યવસ્થાની પોલ ફરી એકવાર ખોલી નાખી હતી.

## કુંતાનાં જર્જરીત સ્મશાનગૃહને વિકસાવવાની જરૂર



**મૃતદેહ બળવા માત્ર એક જ સગડી,વિશ્રામ કક્ષ ગમે ત્યારે તૂટી પડે તેવી હાલત**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** તા.વાપીમાં દોઢ વર્ષ પહેલાં મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલા ૧૧ ગામોમાંના કુંતા ગામની સ્મશાનભૂમિ આજે પણ વિકાસની રાહ જોઈ રહી છે. અહીં ઉપલબ્ધ સુવિધાઓ અત્યંત જર્જરિત બની જતાં સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.સ્મશાનભૂમિમાં મૃતદેહના અંતિમ સંસ્કાર માટે માત્ર એક જ સગડી ઉપલબ્ધ હોવાથી એક સાથે બે અંતિમવિધિ આવે ત્યારે રાહ જોવાની ફરજ પડે છે. ઉપરાંત વર્ષો જૂની વિશ્રામ કક્ષ અત્યંત જર્જરિત હાલતમાં પહોંચી ગઈ છે અને ગમે ત્યારે ધરાશાયી થાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ચોમાસામાં છતમાંથી પાણી ટપકતું હોવાથી અંતિમવિધિમાં આવેલા સ્વજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ સ્મશાનભૂમિમાં પૂરતી બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, સ્વચ્છ શૌચાલય, લાઈટિંગ તેમજ પેવર બ્લોક જેવા મૂળભૂત વિકાસ કામોની પણ જરૂરિયાત છે. વાપી મહાનગરપાલિકામાં ગામનો સમાવેશ થયા બાદ લોકોમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે તેવી અપેક્ષા હતી, પરંતુ દોઢ વર્ષ બાદ પણ સ્મશાનભૂમિની સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો નથી.

સ્થાનિક રહિશોએ વાપી મહાનગરપાલિકાને કુંતા સ્મશાનભૂમિનો તાત્કાલિક સર્વે કરાવી નવી સગડી, આધુનિક વિશ્રામ કક્ષ અને જરૂરી તમામ સુવિધાઓ સાથે સ્મશાનભૂમિનું વિકાસ કાર્ય હાથ ધરવાની માંગ કરી છે, જેથી અંતિમ સંસ્કાર માટે આવતા લોકોને મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે.



## છીરીમાં આજે પણ ગેરકાયદે ભંગારના ગોડાઉનો ધમધમે છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપી શહેરના છીરી ગાલા મસાલા વિસ્તારમાં આજે પણ અનેક ભંગારના ગોડાઉનો બેફામ રીતે ધમધમી રહ્યા હોવાનું સામે આવ્યું છે. મુખ્ય માર્ગને અડીને તેમજ ઔદ્યોગિક વિસ્તારને અડીને આવેલી આ ગોડાઉનોમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક, કાગળ, ઔધ્યોગિક કેમિકલના ડ્રમ સહિતનો જ્વલનશીલ ભંગાર સંગ્રહ કરવામાં આવતો હોવાથી આગ જેવી મોટી દુર્ઘટનાનો ભય છે. સૂત્રોના જણાવ્યા મુજબ કેટલાક ગોડાઉનોમાં ફાયર સેફ્ટીના કોઈ સાધનો પણ ઉપલબ્ધ નથી. ઉપરાંત ગોડાઉનોની બહાર ભંગારના ઢગલા મુકાતા વાહનવ્યવહારને પણ અસર થાય છે. જો કોઈ અકસ્માત કે આગની ઘટના બને તો આ ગીચ વિસ્તારમાં જ્યાં આજુબાજુ દુકાનો પણ હોવાથી મોટી હોનારત સર્જાઈ શકે તેમ છે. એક તરફ મહાનગર પાલિકા દ્વારા થોડાં મહિના પહેલાં વાપી શહેરના કચીગામ રોડ, બલીઠા, ડુંગરી ફળિયા,સલવાવ કરવડ સહિતના વિસ્તારોમાં મોટાભાગે ખેતીની જગ્યામાં કોઈ પણ જાતના લાઈસન્સ કે સેફટીના સાધનો વિના ધમધમતી અસંખ્ય ગેરકાયદે ગોડાઉનોનું ડિમોલિશન કર્યું હતું. પરંતુ હજુ છીરી ગાલા મસાલા જેવા કેટલાક વિસ્તારોમાં મહાનગર પાલિકાનું ધ્યાન ગયું ન હોવાનું જણાય છે ત્યારે સંબંધિત વિભાગ દ્વારા આવા ગોડાઉનોની તપાસ કરી રહેણાંક અને જાહેર માર્ગને અડીને જોખમી રીતે ચાલતા ગોડાઉનો સામે યોગ્ય કાર્યવાહી કરવાની જરૂર છે. સમયસર જરૂરી પગલાં નહીં ભરાય તો ભવિષ્યમાં મોટી હોનારત સર્જાય તેવી ભીતિ સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.

## વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓ ટેલેન્ટ શોમાં ઝળક્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** સિલવાસાની લાયન્સ સ્કૂલ દ્વારા આયોજિત ઈન્ટર સ્કૂલ IT TALENT SHOW - LIONET MINDSPACE ૨.૦માં શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઈ - કોડિંગ, વેબ ડિઝાઈનિંગ અને સ્માર્ટ ઓટોમેશન જેવા વિષયમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. સ્પર્ધામાં ૧૫ કરતાં વધારે સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ તેમની કરામત અને આત્મવિશ્વાસને સ્થાપિત કરી પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું.

BLIXATHON -પ્રથમ ગ્રુપમાં ધોરણ ૮ના વિદ્યાર્થી માસ્ટર યશ પ્રતાપસિંગ અને માસ્તર બાલેશ ઓઝાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. IOT /SMART AUTOMATION બીજા ગ્રુપમાં ધોરણ નવના માસ્ટર પ્રતીક ત્રિપાઠી અને માસ્ટર અમન કુમારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ROBO RESCUE ARENA - ત્રીજા ગ્રુપમાં ધોરણ ૧૨ ના માસ્ટર હરજશ સિંગ અને માસ્ટર આયુષ પંડિત તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્પર્ધાનાં બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીજ્ઞી પોલ તથા સ્ટાફ વતી અભિનંદન પાઠવવામાં આવે છે.

**ફલેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલી પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તાર ધરાવતી કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં 2 BHK ફલેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**સંપર્ક : Mo. :98259 90770**

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**